Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૧૦ ● જાન્યુઆરી ૨૦૨૫

Volume no. 18, Issue No. 210 January 2025




પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-







ફોટડી ( કચ્છ) બહેનોના નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.ગાદીવાળાશ્રીની નિશ્રામાં શોભાયાત્રા.





ભારાપર ( કચ્છ) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર




વર્ષ - ૧૮ (મૂળ વર્ષ ૫૮) ● સળંગ અંક : ૨૧૦ ● જાન્યુઆરી-૨૦૨૫


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | વ્રતમાં નમક | ૦૬ |
| ૦૪. | શ્રીહરિના ૭માં અને ૮માં વંશજના મુખેથી આશીર્વચન | ૦૭ |
| ૦૫. | મૂર્તિ મનોહર મહારાજની | ૧૧ |
| ૦૬. | સચ્છાસ્ત્ર | ૧૨ |
| ૦૭. | કારીયાણીના ધણી માંચા ખાચર | ૧૩ |
| ૦૮. | આપણા હરિમંદિરો તથા પ્રસાદીના સ્થાનો (સાદરા-વાસણા દેશ) | ૧૪ |
| ૦૯. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી | ૨૦ |
| ૧૦. | ભક્તિસુધા | ૨૧ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૪ |

# અસ્મદીયમ્

વ્હાલા ભક્તજનો,

વેપારીઓને વેપારની સીઝન હોય છે. એમ સાધક-મુમુક્ષુઓને ભજન-ભક્તિની સીઝન હોય છે. ધનુર્માસમાં બીજા કામ મૂકીને ભજન-ભક્તિ કરી લેવાની હોય.

ભગવાન શ્રી નરનારાયણદેવ બદ્રિકાશ્રમમાં રહી ભક્તો પર દયા કરવા-અનુગ્રહ કરવા માટે તપશ્ચર્યા કરે છે. આપણને આ ભરતખંડમાં જન્મ મળ્યો છે તો દેહની અહંમમતા મૂકી, સંસારની માયા મૂકી મોક્ષ સુધારી લેવાનો છે.



આપણે એવા ક્યા પુણ્ય કર્યા હશે કે શ્રીહરિએ પોતે આ શ્રીનગરમાં શ્રી નરનારાયણદેવ પધરાવી, એમની સમક્ષ ભજન-ભક્તિ કરવાની સગવડ કરી આપી છે. ત્યાં આ ધનુર્માસમાં વહેલી સવારે દેવની સાંનિધ્યમાં ભજન-ભક્તિનો લાભ આપણે ન લઈ શકીએ તો અમૃતના કળશનો ત્યાગ કરીને ઝેરનું પાત્ર ગ્રહણ કરતા હોય તેવું નથી લાગતું?

ભજન કરીશું, ભક્તિ કરીશું તો આપણને ભગવાનમાં પ્રીતિ પ્રાપ્ત થશે. હૃદયમાં અંતર્યામી ભગવાનનું અખંડ ભજન થશે. એજ મોટી પ્રાપ્તિ છે.

આમ જોવા જઈએ તો શ્રીહરિની ઉપાસના કરવામાં એવો ક્યો મહાન પરિશ્રમ છે? કંઈ જ નથી.

પણ એક વખત એવું સમજાઈ જવું જોઈએ કે શુધ્ધ ભક્તિથી જ શ્રીહરિ પ્રસન્ન થાય છે. બાકી તો (આ સંસાર) નાટક જ છે.

આ મનુષ્ય દેહ મળ્યો છે. તો સફળ કરવાનો રસ્તો મહારાજે આપણને આપણા પર કૃપા કરીને બતાવ્યો છે. એ રસ્તે જઈએ પછી મોક્ષ ક્યાં છે? સર્વેને અમારા જયશ્રી સ્વામિનારાયણ.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**

શ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ડિસેમ્બર-૨૦૨૪)

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર મેડજીના મુવાડા રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૫-૬ શ્રી સ્વામિનારાયણ મંદિર ફોટડી (કચ્છ) (બહેનોનું) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૮ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.
૯ કલોલ પંચવટી શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર વાલમ (વિસનગર) પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૨-૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર ભારાપર (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૪ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર કથા પ્રસંગે પધરામણી.
૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ઓળા, ઈસંડ પાટોત્સવ - શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૮-૧૯ માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિર કથા પ્રસંગે પધરામણી.
૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર શિયાણી (મૂળી પ્રદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧ ધનુર્માસ ધુન પ્રસંગે કાલુપુર મંદિર પધરામણી.
૨૧-૨૬ ઈસ્ટ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨૩) હરિ સ્મરણ મહોત્સવ પ્રસંગે પધરામણી.
૩૦ ગુલાબપુરા ગામે પ.ભ. ગાંડાભાઈ કાળીદાસ પટેલ પરિવારના જીવન અમૃત પર્વ-કથા પ્રસંગે પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની

(નવેમ્બર-૨૦૨૪)

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા ખીચડી ઉત્સવ પ્રસંગે પધરામણી.

(ડિસેમ્બર-૨૦૨૪)

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૩ શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૪ શ્રી સ્વામિનારાયણ મંદિર રામગઢ (મૂળી પ્રદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.
૬-૭ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ફોટડી (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૮ શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ રજત જયંતી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.
૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર મોયદ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૨ અમદાવાદ થલતેજ, શિલજ, સાયન્સ સીટી યુવક મંડળનું સ્નેહ મિલન પોતાના સાંનિધ્યમાં સંપન્ન થયું.
૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨૩) હરિ સ્મરણ મહોત્સવ પ્રસંગે પધરામણી.
૨૮ સંતરામપુર યુવક મંડળ સ્નેહમિલન પ્રસંગે પધરામણી.



એક સમયને વિષે દેવાધિદેવ ભગવાન મહાદેવ દીર્ઘકાલીન વ્રત લઈને તપ કરવા મધુ વનમાં પધાર્યા. હજારો વર્ષોના વાણાં વાઈ ગયા. શ્રી શિવ તપશ્ચર્યા કરી રહ્યાં છે.



# વ્રતમાં નમક

- સાધુ પુરૂષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

બીજી તરફ કૈલાશમાં જગદંબા પાર્વતી એકલા રહ્યાં છે. તેમણે શરીરના જમણા અંગના મેલમાંથી એક પુત્રની ઉત્પત્તિ કરી. તે કેવો થયો કે, જેના હાથ, ચરણ, ઘૂંટણ, પાની, ટુંકું અંગ, ચાર ભૂજાને ફાંદ મોટી, કંઠે ઘુઘર માળ પહેરેલાં, કરમાં જળકમંડળ, બીજે મોદક આહાર, ત્રીજે ફરસી શોભે, ચોથે જપ માળા, એવા સ્વરુપવાળા પુત્ર ગણેશજી ઉત્પન્ન કર્યા. માતા પાર્વતી બોલ્યા પુત્ર ! તું મારું રક્ષણ કરજે. મારા ભુવનમાં કોઈ જીવ પ્રાણી માત્ર પ્રવેશ કરે નહિ તેનું તું ધ્યાન રાખજે. પછી જગદંબા પાર્વતીમાં એ વામ (ડાબા) અંગનાં મેલમાંથી પુત્રી ઉત્પન્ન કરી તેનું ઓખા નામ રાખ્યું. જેને મસ્તકમાં સેંથો, ટીલડી, રાખડી, અંબાડી વાંકી, કંકુ પડો હાથમાં, ને નાડા છડી એવા પોતાના બન્ને પુત્રી અને પુત્રને કહ્યું કે હું સ્નાન કરવા બેસું છું. કોઈ પ્રવેશ કરે નહિ.

તેવામાં નારદમુનિનું કૈલાશમાં આગમન થયું. બે બાળકોને જોઈ મુનિ બોલ્યા તમે કોના સંતાન છો ? બાળકો બોલ્યા મુનિરાજ અમે માતા પાર્વતીના સંતાન છીએ. મુનિ વિસ્મય પામ્યા ? ત્યાંથી નારદજી, તુરંત આવ્યા મધુવનમાં. તપસ્યામાં લીન મહાદેવના ચરણે વંદન કરી મુનિ બોલ્યા : હે મહાદેવ ! અહીં તમે તપ કરો છો પણ તમારા ઘરે તો ઉમિયાજીએ બે સંતાનને જન્મ આપ્યો છે. તે સાંભળી મહાદેવ તત્કાળ કૈલાશ આવી પહોંચ્યા. ત્યાં પોતાના ભુવનના દ્વારે બે બાળકો બેઠેલા જોયા. શ્રી શિવજી ને ઘરમાં પ્રવેશ કરતા પુત્ર ગણેશે રોકી લીધા અને કહ્યું કે મારી માતા સ્નાન કરી રહ્યાં છે. માતાનો હુકમ છે કોઈને આવવા દેશો નહીં. શિવ કહે ! અરે! હું તો મહાદેવ છું. પુત્ર કહે, તમે જે કોઈ હોય પણ માતાનો હુકમ બંધન કર્તા છે. એવા સમમયાં શ્રી શિવ અને ગણેશજીનું પ્રથમ વાક્યુદ્ધ પછી શસ્ત્ર યુધ્ધ થયું. ભયંકર ભીષણ યુધ્ધથી ત્રિલોકી ડોલવા લાગી. પ્રલય જેવું વાતાવરણ થયું. ત્યાં જે બાળકી હતી તે ડરીને ઘરમાં મીઠા (લુણ)ની માટલીમાં સંતાઈ ગઈ. ભગવાન શિવે ત્રિશુલ વડે પુત્ર ગણેશનું મસ્તક કાપી નાખ્યું. તે જોઈને ભયભીત પુત્રી ઓખાએ વિચાર્યું કે મારા ભાઈના કટકા કરી દીધા તો મને પણ મારશે તેમ જાણી પુત્રી લુણ (મીઠા)ની માટલીમાં સંતાઈ ગઈ.

ભગવાન શિવ ઘરમાં આવ્યા. દેવી પાર્વતી વસ્ત્રો પહેરી રહ્યાં હતા. પ્રભુ બોલ્યા ! બારણે રહેલા બે બાળકો કોણ છે ? ત્યારે દેવી પાર્વતી બોલ્યા હે સ્વામીનાથ ! આપ વનમાં સિધાવતા પૂર્વે વરદાન આપ્યું હતું કે તને બે સંતાન થશે. આપનાજ આ સંતાનોને મેં ડાબેથી પુત્રી જમણાથી પુત્રને જન્મ આપ્યો છે. હમણાં સ્નાન કરવા બેઠી હતી તો મારા રક્ષણમાં બારણે બેસાડ્યા હતા.

આ સાંભળી મહાદેવનો ક્રોધ શાંત થયો. પિતાના હાથે પુત્રનું મસ્તક કપાણું તેથી શિવ કહે માથે મોટું કલંક આવ્યું. ભગવાન શિવજીએ તત્કાળ નંદી ભૃગીને મોકલ્યા. કહ્યું કે જે પહેલો સામો આવે તેનું શિર લઈ આવો. તો તેઓને રસ્તે જતાં એક દૈવી ગજરાજ મળ્યા ને તેનું મસ્તક કાપી લાવ્યા. નંદી ભૃગી દ્વારા ભગવાન શિવે ગજ મસ્તક ગણેશના ધડ ઉપર મૂક્યું અને પુત્ર બન્યા ગજાનન

(અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)



# શ્રીહરિના ૭માં અને ૮માં વંશજના મુખેથી

# આશીર્વચન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**પ.પૂ. લાલજી મહારાજશ્રી, શ્રી સ્વામિનારાયણ મંદિર, હિંમતનગર આયોજિત શ્રી પૂર્ણેશ્વર મહાદેવ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને બીજા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે, તા. ૨૪-૧૧-૨૦૨૪ :** નરનારાયણદેવ આપણને બધાને જે મળ્યા છે, જેનાથી આપણા ભાગ્ય જેટલા ગણીએ તેટલા ઓછા છે. કેટલાય જન્મોના પુણ્ય આપણે બધાએ કર્યા હશે ત્યારે આવા સંપ્રદાયમાં અને એમાં પણ ખાસ કરીને **અમદાવાદ દેશના દરેક હરિભક્તો ખૂબ ભાગ્યશાળી છે કે અત્યારનો જે સમય આપણને મળ્યો છે તે ખરેખર સત્તયુગ છે. એની પાછળનું કારણ એ છે કે સમસ્ત અમદાવાદ દેશમાં સંતો અને હરિભક્તો આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં રહીને, સ્વામિનારાયણ ભગવાને જે સિદ્ધાંતો આપ્યા છે તેનું પાલન કરી રહ્યા છે.**

અત્યારે સમય એવો છે કે સોશિયલ મિડિયાથી લઈને જગતની જાહોજલાલી જોઈને સત્સંગથી દૂર ભટકી જવું બહુ સહેલું છે. સ્વામિનારાયણ ભગવાને આપેલા સિદ્ધાંતો પ્રમાણેની સાચી સમજણ રાખવી અત્યારે અઘરી થઈ ગઈ છે. કારણ કે **ચારેય બાજુથી ઈન્ફર્મેશન એટલી આવતી હોય છે કે શું માનવું, શું ન માનવું, શું સાચુ છે? એમાં આપણા હરિભક્તો અને ખાસ કરીને યુવાનો કન્ફ્યુઝ થઈ જતા હોય છે. ભ્રમિત થઈ જતા હોય છે.** એવા સમયે આપણે અવાર-નવાર સત્સંગ સભાઓ, શાકોત્સવો, પાટોત્સવો વગેરેના આયોજનો કરતા હોઈએ છીએ કે જે આપણને યાદ દેવડાવે છે કે મહારાજે આપેલા મૂળિયા શું છે ? ભગવાનના થઈને રહેવાનું, સિદ્ધાંતોને વળગીને રહેવાનું એ મહારાજની આજ્ઞા છે.

**જે બે દેશ ગાદી છે અને એની પણ મર્યાદા દેશ વિભાગના લેખમાં મહારાજે આપી છે. તમે નરનારાયણદેવ અમદાવાદ દેશના હરિભક્ત હોય કે લક્ષ્મીનારાયણદેવ વડતાલ દેશના હરિભક્ત હોવ પણ દરેક હરિભક્તોએ દેશ વિભાગના લેખમાં સ્વામિનારાયણ ભગવાને જે બંધારણ આપ્યું છે એ મર્યાદામાં રહીને સત્સંગ કરવાનો છે. તમે જે તે દેશના નાગરિક હો, ક્યાં ધર્માદો આપવો, ક્યાં ન આપવો એ બધી જ સ્પષ્ટતા દેશ વિભાગના લેખમાં કરી છે.** વ્યક્તિગત રીતે હું માનું છે કે શિક્ષાપત્રી, વચનામૃત આદિક શાસ્ત્રો પછી, એના જેટલું જ મહત્વ દેશ વિભાગના લેખનું છે. **આજના સમયે દેશ વિભાગનો લેખ વાંચવો, સમજવો અને સમજાવવો એ બહુ જરૂરી થઈ ગયું છે.** સંતો અવાર-નવાર દરેક વિસ્તારમાં એ લેખની સમજણની વાતો અને કથા કરતા હોય છે. આચાર્ય વંદના



મહોત્સવમાં કાલુપુર મંદિરથી આપણે કોઈ પણ પ્રકારનો ચાર્જ લીધા વિના એ લેખ દરેક હરિભક્તો સુધી પહોંચે એવો પ્રયત્ન કરેલ. માટે જેણે ન વાંચ્યો હોય એ ખાસ વાંચજો. કારણ કે **આજના સમયમાં બંધારણ જાણવું બહુ જરૂરી થઈ ગયું છે. મહારાજની આજ્ઞામાં નહી રહીએ તો દુઃખ આવવાની ગેરંટી છે અને આજ્ઞામાં રહીશું તો આ લોક અને પરલોકમાં સુખી થવાની ગેરંટી ભગવાને દીધી છે. માટે આપણે બધાએ સિદ્ધાંતોને વળગીને, આજ્ઞમાં રહીને સત્સંગ કરવાનો છે અને ખુમારી વાળો સત્સંગ રાખવાનો છે, જેવો તેવો સત્સંગ નથી રાખવાનો એ પણ મહારાજના જ શબ્દો છે.**

એક પતિવ્રતા સ્ત્રી હોય, એનો પતિ ગમે તેવો હોય એની આગળ એને કશુંય દેખાય નહી, ને સર્વસ્વ માને, પછી એ રોગી હોય, ગરીબ હોય કે ગમે તેવો હોય પણ એની શ્રદ્ધા, એનો વિશ્વાસ અને એની નિષ્ઠા ક્યાંય ડગે નહી, એ દ્રષ્ટાંત સાથે મહારાજે વચનામૃતમાં સરસ વાત કરી છે કે પતિવ્રતા જેવી નિષ્ઠા આ સત્સંગમાં રાખવી. દેવનું, સંપ્રદાયનું, આચાર્યનું, સંતોનું કે હરિભક્તોનું કોઈપણ ક્યાંય ઘસાતું બોલે તો એનો જવાબ શૂરવીરતાથી આપવાનો, ઢીલા પોચા થઈને ન આપવો.

**ભગવાને આપણને આટલી દયા કરીને નરનારાયણદેવ આપ્યા છે જે આપણા માટે**

**બદ્રિકાશ્રમમાં તપ કરી રહ્યા છે. આ દેવ આપણી સમક્ષ પ્રત્યક્ષ છે એની અનુભૂતિ કાયમ દરેક હરિભક્તોને અવાર-નવાર થતી હોય છે.** સાક્ષાત્ પ્રગટરૂપે આપણી વચ્ચે નરનારાયણદેવ ઉપસ્થિત હોય અને દેશ વિદેશમાં આટલી મોટી સંખ્યામાં મંદિરો અને સત્સંગ વધતો જતો હોય ત્યારે આપણી જવાબદારી બને છે કે એ પ્રગતિના ભાગમાં આપણે પણ કઈ રીતે ભાગ ભજવી શકીએ ? દેવ માટે, સંપ્રદાય માટે આપણે શું કરી શકીએ છીએ ? કારણકે ખૂણામાં બેસીને વાત કરવી સહેલી છે. સેવા પણ સહેલી છે પણ દેવ માટે સમર્પણ બહુ અઘરું છે. આજના સમયમાં દિવસે ને દિવસે જ્યારે બદલાવ આવતો જાય છે તેવા સમયમાં આપણે ક્યાંય ભૂલા ન પડી જઈએ. સંપ્રદાયના મૂળિયા પકડી રાખીએ એવી માર્મિક ટકોર કરીને અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

**પ.પૂ. મહારાજશ્રી : ઈડર મંદિરના ૧૭૮ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા. ૨૩-૧૧-૨૦૨૪ :** ઘણા વર્ષો પછી દેવના દર્શન થયા અને તમારા બધાના પણ દર્શન થયા. ફોટા જોતો હતો પણ અંદર આવ્યો ત્યારે થયું કે આટલું રૂડું રૂપાળું મંદિર કરી નાખ્યું સિધ્ધેશ્વર સ્વામીએ ! એટલે લાવો, એક હાર લાવો, જાડો લાવજો એમના શરીર પ્રમાણે, એટલે એ તો જાડા નહી પરંતુ મજબૂત છે કે આવું સુંદર કામ કર્યું.

જો આ સંપ્રદાય છે ને એના ઉદ્‌ભવનું મૂળ કારણ હોય તો એ શિક્ષાપત્રીમાં તમે જુઓ, પેલો ધર્મ માનવતાનો મહારાજે લખ્યો છે. રોજ ગાઈએ છીએ,

**કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય,**
**દયા આણી રે, અતિ આકળા થાય.**
**અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે,**
**કરુણા દ્રષ્ટિ રે, દેખી વાન જ વાળે.**

ગાઈએ છીએ ને ? ગમે તે માણસ હોય, નાનો હોય મોટો હોય ઉંમરમાં, ભાઈઓ-બહેનો, દીકરા-દીકરીઓ, વડીલો જે કોઈ હોય પણ **મંદિર એવી જગ્યા છે જ્યાં ભગવાનના દર્શનની સાથે બીજી બધી પણ સુખ સુવિધા મળી રહે છે.** પહેલા આ જ એક કેન્દ્ર હતું. તમારામાંથી ઘણાને ખબર નહી હોય, પહેલા રામનવમીનો અમદાવાદ મંદિરમાં મેળો જાણતો, બહુ મોટો સમૈયો થાય એટલે પછી ડોહલા ખૂણામાં જઈને બેસે અને આમ બન્ચમાં બેઠા હોય, દ્રાક્ષનો ઝુમખો હોય એવી રીતે, પછી થોડા સમય ચાલ્યું,. સ્વામી ! પછી મેં પૂછ્યું શું છે આ બધું ? ત્યારે જાણવા મળ્યું કે રામનવમીના દિવસે એક બીજાના લગ્ન પ્રસંગનું નક્કી કરવા મંદિરમાં ભેગા થતા હતા. ભગવાનનું મંદિર હોય એમાં ભગવાન કેન્દ્ર સ્થાને છે. એની સાથે સાથે એક બીજાને મળવાનું હોય, સુખ દુઃખની વાત કરવાની હોય કે સામાજિક કાર્ય કરવાનું હોય એ બધી સુવિધા મંદિરમાં મળી રહે.

આજે જો આપણા મકાનો સારા થઈ ગયા તો મંદિરનો ચોક પણ કેટલો સારો થઈ ગયો. ભગવાન શ્વાસ લેતા હોય એવું લાગે. આજુબાજુના ગામડામાંથી તમે આવતા હતા, જોયું હશે, આપણા શ્વાસ રુંધાઈ જતા હતા. આજે કેવું ફીલિંગ આવે છે ! પણ સમય સંજોગો પ્રમાણે બધું હોય છે. કોઈનો વાંક હોતો નથી એમાં. સૂઝ હોય, સમજણ હોય તે પ્રમાણે ઉન્નતિ પ્રગતિ થાય એ જરૂરી છે એની સાથે સાથે આ વિસ્તારના દરેક ગામડાઓનું પણ સ્વામી સારુ ધ્યાન રાખે છે.

તમને એમ થાય કે આ ઉપર બેઠા છે એને બહુ સારું, લાડવા ખાય અને ઉંઘે ને એવું બધું. જગતમાં પાછી કહેવત છે કે સાધુ બનવું તો સ્વામિનારાયણના એવું લોકો માને છે. અને એવુંય કહેવાય છે કે ભગત પણ સ્વામિનારાયણના જ બનવું. બીજી ત્રણની એક કહેવત છે. જેમાં સ્વામિનારાયણિયા અંદર આવે છે. બીજા બેનું નથી કહેતો. યજ્ઞપ્રકાશદાસજી બે જગ્યા સંભાળે છે તેમની વાત કરતા હતા. આ તો અમારી વાત છે. તેઓ કહે, બે જગ્યાનું સાચવવામાં તૂટી જવાય છે. એક ત્યાંથી ફોન કરે કે આવું છું. ખીચડી તૈયાર રાખજો. બીજો બીજેથી ફોન કરે કે હું બીજા મંદિરે આવું છું. હવે બેને સાચવવા કેવી રીતે ? માણસ તો એકનો એક જ હોય ને, કેમ પહોંચવું ? પણ સારું છે આપણા હરિભક્તો બધા નિકટના છો. તમારા બધાની નિષ્ઠા છે. હરિભક્તોની લાગણી છે. મમત્વ છે. એટલે માણસ રોટલા અને ખીચડી માગી શકે, નહીતર શું કરવા માગે ? કોઈની પાસે જઈને ખાવું છે એમ મમત્વ અને પ્રેમ હોય તો કહી શકે. એના ઉપરથી વાત યાદ આવી, પછી મેં સ્વામીને કહી, દુનિયા ચલાવવી અઘરી છે. તમારે દુકાન ચલાવવી, અમારે દુનિયા ચલાવવી આ સહેલું નથી. જાત ભાતના લોકો ભટકાય, ઠોંહા ખાવા પડે. પગ કચડી નાખે, આવું બધુ છે પણ સારું છે. ગળું કચડતા નથી. જીવતા છીએ. કોઈક વાર એવુંય થાય કે શું કરવા જીવીએ છીએ ? બધી દુનિયા મેઈન્ટેનન્સ વાળી છે. બધી વસ્તુ મેઈન્ટેનન્સથી ચાલે છે. તમે બહુ સારી ગાડી લાવો. મર્સિડીઝ કે એવી જે કોઈ હોય એક જાડું પૈડું હોય એમ જાડી સર્વિસ માગે. સાયકલ જેવી સાયકલમાં પણ ચેઈન ઉતરી જતી હતી, તેને પણ તેલ ઉંજવુ પડે. માણસ ગમે તેટલો

નિકટનો હોય, ઘરમાં કે સગા સંબંધીમાં તમારે દીકરા-દીકરી હોય, મામા, કાકા કે ભાઈ ભત્રીજા જે કોઈ હોય દરેક મેઈન્ટેનન્સ માગે. બેસતું વર્ષ આવે, કોઈ એક મોઢું ચડાવીને બેઠા હોય તો પણ નથી કહેતા કે હાલો ને ભઈ જઈ આવીએ એટલે મેઈન્ટેનન્સ કરવું બહુ અઘરુ છે.

સંતો ઉપરથી વાત યાદ આવી. બહુ સમજવા જેવી વાત છે. અમે કોઈ એક દેશમાં ગયા. અડધો દિવસ ખાલી હતો એટલે બુધ્ધના એક બહુ મોટા ફેમસ મંદિરમાં બધાની સાથે અમે પણ ગયા. તો ત્યાં કંઈક વિધિ, વિધાન ચાલતા હતા, કંઈક ચોપડતા હતા, એવું બધુ જોઈને મને પૂછવાનો શોખ ચડ્યો. મેં કહ્યું, શું ચાલે છે આ ? કોઈકે સમજાવ્યું પરંતુ તેના દેશની ભાષામાં સમજણ ન પડી એટલે એક દ્વિભાષી માણસને પૂછ્યું તો કહે, પરમ દિવસે એના લગ્ન છે અને આજે એ ભિક્ષુકની દીક્ષા લે છે. મેં કીધું, પરમ દિવસે લગ્ન ને આજે દીક્ષા. આ કેમ મેળ ખાય ? એ કહે, બુધ્ધ ધર્મમાં અમારે અહીં એવો નિયમ છે કે ૨૪ કલાક માટે પણ ભિક્ષુકની દીક્ષા લે તો એને અનુભવ થાય કે કેટલું અઘરું છે ? યજ્ઞપ્રકાશદાસજી સ્વામીને મેં કહ્યું. આવું ધતિંગ આપણે પણ ચાલું કરવું જોઈએ. ધતિંગ નહી પણ વાસ્તવિક રીતે અનુભવ થાય કે કેટલું કઠણ છે ? ગૃહસ્થ થવું પણ કઠણ છે. **કોકના જોડામાં પગ નાખીએ ત્યારે ખબર પડે કે કેટલી જગ્યાએ આંગળી કપાય છે !** એટલે અરસ પરસ છે અને અમે તો વચ્ચે ફસાયા છીએ, આમેય નહી ને આમેય નહીં ! લોકોને એમ થાય કે આ જ કરતા હશે. સાધુ ભેગા જ ફરતા હશે. ઘર હશે જ નહી ! હરિભક્તો એમ માને કે રાત્રે બે વાગ્યે પહોંચી જશો. બે વાગ્યે પહોંચી જઈને કરવાનું શું ? સવારે ઉઠવાનું, પાછું મંદિરે જવાનું. આ તો લાઈટ મુડમાં વાત કરું છું પણ વાસ્તવિક રીતે વાત કરીએ તો ત્યાગાશ્રમ કઠણ છે. મહારાજે કહ્યું. ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે. અમારે તો બન્નેનું બેલેન્સ કરીને ચાલવાનું છે.

બે દિવસ પહેલા ગાંધીધામ ગયો ત્યારે મેં એ જ વાત કરી હતી. દૂર દૂરથી હરિભક્તો આવે. પેટ્રોલ તમારે ખર્ચવાનું, વિદેશથી આવે તો આવવા જવાની પ્લેનની ટિકીટ નો ખર્ચ, પ્લેનમાં તપસ્વીની જેમ બેસી રહેવાનું, કંઈ કરવાનું નહી અને પાછા અહીં આવે ત્યારે ભગવાનને રાજી કરવા દાન દક્ષિણા ડોનેશન કરીને જાય. આ બહુ મોટો ત્યાગ છે. એટલે તમે બધા અહીં બેઠા છો એ માત્ર શ્રોતા તરીકે નથી બેઠા પણ તમારો એ ત્યાગ છે. જીવના કલ્યાણને અર્થે તો ઠીક પણ તમારે ભગવાન પ્રત્યે મમત્વ અને લાગણી છે ત્યારે અહીં બેસાય છે. માટે આપણા સંપ્રદાયના હરિભક્તોને ધન્ય છે. સિધ્ધેશ્વર સ્વામીનો કોન્સેપ્ટ (આઈડિયા) હોય, વિચારધારા હોય, બધું એમનું હોય પણ તેને સાકાર કરવા તમારા સૌનો સપોર્ટ હોય છે ત્યારે આવું રૂડું કાર્ય થાય છે. કેટલા જીવને ગુણ આવે, બેસવાનું, ઉઠવાનું, ખાવાનું એમ બધી સગવડ મળી રહે એમાં તમારું યોગદાન છે. બહુ મોટું આ કામ છે અને વળી સ્વામી બે જગ્યા સાચવે છે. ટોરડાના પણ તેઓ મહંત છે. તારીખ લખાવી છે ટોરડાની, તમે સૌ ત્યાં આવો જ છો અને આવવાનું છે. મોટો પ્રોજેકટ હોય તો કંઈ વાંધો નહીં. હું ચેક આપીશ. પૈસાની ક્યાં ચિંતા જ છે ! ભગવાન માટે તો બેઠા છીએ. બીજું કરવાનું શું છે ?

મોટા જમીન માલિક હોય, કહેતા હોય કે આટલા વિઘા ને આટલા એકર જમીન છે. પણ તેની પાછળ રાહ જોઈને બેઠા હોય કે ક્યારે આ ટપકી જાય ! ક્યારે ઉકલી જાય ! **પાછળથી કોક મર્ડર કરે એના કરતા ભગવાન નિમિત્તે જેટલું વપરાય તે સાચું.** તમે નરનારાયણદેવના કોઠારમાં આવો છો પછી ચેક ફાડવામાં અમે શું કરવા ચિંતા કરીએ ? ઈડર મંદિર હોય કે ટોરડા મંદિર હોય કે જ્યાં પણ નાના મોટા કામ ચાલતા હોય ત્યાં લોકલ (સ્થાનિક) કે બહારનાએ નાનું મોટું યોગદાન કર્યું હોય એટલે મમત્વ થાય કે આ મંદિર મારું છે. અમદાવાદનું મંદિર થયું એ પહેલા મહારાજે સોનાનું મંદિર કાઢીને દેખાડેલું અને પછી કહ્યું કે આવા તૈયાર સોનાના મંદિરમાં મજા નહી અને રાખ્યું હોત તો કોઈ સુખી ન હોત, બાધતા જ હોત. એટલે **આપણા મંદિરમાં તો આજે હરિભક્તોના અંતર એક એક રજમાં છે અને તેથી જ આપણા મંદિરોમાં ભગવાનના સ્વરૂપો હસતા લાગે છે. ઘડીક મૂર્તિની સામે ઉભા રહેશો તો સ્માઈલ કરતા ભગવાન હોય એવું લાગે, આ Seriously (ગંભીરતાથી) કહું છું. ઈડરના ભગવાન તો બહુ ક્યુટ છે, તેજસ્વી છે. રૂડા રૂપાળા એવા છે કે ઘડીક વાર દર્શન કરીએ તો બહુ મજા આવે. એટલે આ પ્રાંતના હરિભક્તો તમે બહુ ભાગ્યશાળી છો એટલે દર્શને ખાસ આવવાનું.** હવે તો રસ્તા પણ પહોળા થઈ ગયા છે. હું બાય પાસ આવ્યો, ગામમાંથી આવવું પણ સારું છે. બહુ આવ્યા છીએ. આજુબાજુનું લગભગ એકેય ગામ બાકી નથી રાખ્યું.

તમે જે મમત્વ દેવ પ્રત્યે રાખ્યું છે, જે સર્પોટ કરો છો, ખાસ કરીને ધર્માદો, તો એ ખટકો કાયમ રાખજો. તેનાથી જ મંદિરોનો નિભાવ થાય છે. હમણા ટોરડાની વાત કરી તો તમે મંદિરમાં આપો છો તો અમે ટ્રાન્સફર કરીએ છીએ. તમારી પાસે પૈસા હું માગતો નથી. પણ **ધર્માદાની આજ્ઞા મહારાજે શિક્ષાપત્રીમાં કરી છે. બધે ગળણા બાંધીએ અને ધર્માદામાં છોડી દઈએ એ ના ચાલે. એટલે**

**ધર્માદો છે એ દેવનો જ છે એવો ખટકો રાખીને તમે આપો છો અને આપતા રહેવાનું છે.** આળસ નહી કરવાની.

ભગવાને આપણને સુખી કર્યા છે. કાયમ કહું છું કે ભગવાન ન મળ્યા હોત તો આપણી શું દશા હોત ? વિચાર કરો, બોલો ! સાપાવાડા ચડ્ડી પહેરીને બીડી પીતા હોત ! અમે છપૈયામાં હોત ! અમે લાંબી ચડ્ડી પહેરી હોત ! છેલ્લે તો આ જ હોય ને ! ભગવાન ના મળે તો શું કરવાનું હોય ! આપણામાંથી રેકડી હાકતા હોત કોક ! બીજું શું થાય ? વાસ્તવિકતા છે આ કાયમ કહું છું. સામાન્ય ઘરની દીકરી હોય અને સારા ઘરમાં લગ્ન થાય પછી એને પૈસાદાર બનવું ન પડે. એ બની જ જાય. એમ **આપણી કુંડળી ભગવાન ભેળી ભળી એમાં સુખી થઈ ગયા છીએ. તમારા અને અમારા ભાગમાં આટલું સુખ લખ્યું નહોતું. ગાદી તકિયા ગાલ મશુરિયા લખ્યા નહોતા. લાડવા તૈયાર જ છે. ભગવાન ભેગા થયા. તમે રાખ્યા અને અમે રાખ્યા તો બધા સુખિયા થયા છીએ. અને એ જ રાખવાનું છે.** બાકી આઘું પાછું, ઉંચા, નીચું એ બધું દુનિયામાં ચાલ્યા કરશે. ભગવાન ક્યારેય ન મૂકવા એ ખટકો રાખવાનો છે.

યજમાન પરિવાર ખૂબ શ્રધ્ધાળુ છે. પોતાપણું, મમત્વ છે આ પરિવારને અને તમને બધાને છે. આવું સરસ આયોજન કર્યું હજુ થશે, બાકી **કોઈને સાધુ થવું હોય તો વિચારજો.** હમણાં ક્યાંક સાંભળ્યું હતું કે ટેમ્પરરી કોન્ટ્રાકટ ઉપર પૈસા ઉપર સાધુ બનાવે છે બોલો ! મેં કીધું. આ ગજબની દુનિયા છે ! કાલ ઉઠીને આચાર્ય કોન્ટ્રાકટમાં મળશે ! કોઈના ઉપર નથી કહેતો, કોઈ પોતાની માથે ના લઈલે. આ ડબલામાં તો બધુ વાયરલ જાય. બધું આઉટ સોર્સ થાય છે, સાચું કહું છું. ઈલેકશનમાં બસો ભરીને ગ્રાઉન્ડ ભરી દે. એવી રીતે ફલાણી સ્કુલ કે ગુરુકુળમાં ભણતા બધા વિદ્યાર્થીઓને લાવીને ભરી દે એના જેવું છે. આ કોન્ટ્રાકટથી સાધુ મળે છે. એવી રીતે કોન્ટ્રાકટથી આચાર્ય ના થાય તો સારું છે. હરિભક્તો કોન્ટ્રાકટથી મળે પછી ભગવાનનેય કોન્ટ્રાકટથી રાખવા પડે. જગતમાં ભગવાન પણ કોન્ટ્રાકટથી પૂજાય છે. ત્રણ મહિના પૂનમ ભરો, કામ ન થાય તો બદલી નાખો ભગવાનને, બીજો ગોખલો શોધે. ૪-૬ મહિના ત્યાં ટ્રાયલ લે. પાસપોર્ટ અડાડે, ફાઈલ પાસ ન થાય તો બીજા ભગવાન બદલો. આ કંઈ કળિયુગનો પ્રભાવ નથી. આ તો પહેલાથી ચાલતું આવ્યું છે.

**બધાને પોતાનું ગમતું થાય તો મજા આવે. મારે કે તમારે સિદધાંતમાં રહેવું હોય તો કઠણ પડે છે. આ વાસ્તાવિકતા છે. સિદ્ધાંત મૂકી દો તો ચિંતા જ નહી.** આ બેઠા છે એ સિધ્ધેશ્વર સ્વામી ગુરુ, ઉત્તમ સ્વામી ગુરુ પછી મુકુંદ સ્વામી ગુરુ પછી હરિભક્તમાંથી પણ કોઈ ગુરુ એમ છ મહિને ગુરુ બદલી નાખે. પણ વાસ્તવિકતા એ છે કે, **જેણે ભગવાનને પકડી રાખ્યા છે એ દિશા સાચી છે.** હળવાશની વાત જુદી છે પરંતુ **છેલ્લી વાત મહત્વની છે કે મહારાજે આપણને સંપ્રદાય આપ્યો છે. જે પરંપરા આપી છે એ ક્યાંય નથી." વહેતી કીધી આ અક્ષરવાટ** મોટા મોલમાં કે એરપોર્ટમાં એકસીલેટર ચાલ્યા કરે. આપણે ફક્ત ઉભા રહેવાનું હોય. હખણા ઉભા રહીએ તો ઉપર પહોંચી જવાય, નહી તો પડી જવાય. **એમ અક્ષરધામનો રસ્તો મહારાજે વહેતો કીધો છે પણ હખણા રહીએ તો પહોંચાય. નહોતી જાણી, નહોતી દીઠી, એવી રીત પ્રગટાવી પુરુષોત્તમ પ્રગટી રે, નંદ સંતોએ લખેલું છે. ત્યાં સુધી લખ્યું છે કે શીદને ભટકો છો મત પંથમાં રે....**આ બધું ફરતું રહે છે, એ બધું એ જ છે. તમે વિચાર તો કરો, કેવા પ્રતાપી આ ભગવાન છે ! રાજા મહારાજા વખતથી કેટલો ઈતિહાસ આ મંદિરનો છે. સંતોએ કીધો જ હોય અને તમે જાણતા જ હશો. આપણી પાસે ઈતિહાસ છે, બીજે દંત કથા છે.

આવું સરસ કામ કર્યું એટલે ફરી એકવાર સિધ્ધેશ્વર સ્વામી અને એમની ટીમને ખૂબ ધન્યવાદ, અભિનંદન. કારણ કે શ્વાસ લેતા ભગવાન હોય એ મને ગમે, કેમ કે આપણે પણ ઘડીક લોનમાં બેસીએ તો કેટલો શ્વાસ વધી જાય. **ખેતરોમાં જઈને રહીએ તો ૫-૧૦ વર્ષ વધી જાય. અમદાવાદમાં આઠમાં માળે જઈને રહો તો કંઈ વધે નહી, ઓછું થાય. જેટલી લિફ્ટ ઉંચી ચડે એટલા દિવસો ઓછા ગણી લેવાના.**

**અંતમાં, દેવના થઈને રહેજો અને રહો જ છો.** એટલું કહી યજમાન પરિવાર સહિત સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

**નવું પ્રકાશન "અમૃત આચમન"**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીના શિષ્ય શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજીની કલમે લખાયેલ વચનામૃત શાસ્ત્રના આચમન સ્વરૂપ "અમૃત આચમન" પુસ્તકનું પ્રકાશન થયું અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે તેનું વિમોચન કરવામાં આવ્યું હતું.

પ્રાપ્તિ સ્થાનઃ- (૧) શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (સાહિત્ય કેન્દ્ર). (૨) શ્રી સ્વામિનારાયણ મંદિર, સેકટર - ૨૩, ગાંધીનગર



શ્રી સ્વામિનારાયણ

# મૂર્તિ મનોહર મહારાજની

- નટુભાઈ પટેલ (રાજપુરવાળા - કેનેડા)

**નેણે નીરખી નાથ રે, ધન્ય થયો ગિરધારી,**
**મુજ ઉરમાં રહેજો શ્રી હરિ, પાપ ટાળો અવિનાશી,**

પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આ પૃથ્વી વિષેના મનુષ્ય તન વિચરણ સમય ના સ્વરૂપ –દેહ બાંધા ને સપ્રમાણ બનાવેલી શ્રીજી મહારાજ ની મૂર્તિમંત મૂર્તિનું સ્વરૂપ એટલે રંગમહોલ (કાળુપુર સ્વામિનારાયણ મંદિર) ના શ્રી ઘનશ્યામ મહારાજ, ચતુર, સુજાણ અક્ષરધામ ના ધામી, સર્વ ના કારણ દયાસિંધુ, વનમાળી, સુખના સાગર શ્રી સહજાનંદસ્વામી, શ્રીનગર (અમદાવાદ) જયારે ત્યારે અવારનવાર પધારતા ત્યારે રાત્રી વિશ્રામ અને તે સમયનું રોકાણ કરતા તે પવિત્ર પાવનકારી પ્રસાદી જગ્યા એટલે રંગમહોલ. હાલ ત્યાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિમંત – મૂર્તિ છે અને ઉપરના ફલોર ઉપર જયાં સ્નાન કરતા તે ચોકડી, જયાં દાતણ કરતા એ બારી તેમજ નજીકમાં પાણીનો સાંકડો કૂવો જેનું જળ મહારાજ વાપરતા ત્યાં છત્રીરૂપનું સ્થાપત્ય છે. જેમાં શ્રી ઘનશ્યામ મહારાજના ચરણવિંદના દર્શન આજે પણ જોવા મળે છે.

આપણા અનેક નંદ સંતોએ હજારો કીર્તનો રચ્યા છે. એ કીર્તનો ના શબ્દોમાં જે શ્રીજી મહારાજના સ્વરૂપની વાત કરી છે એવું જ લેશમાત્ર ફેર ના હોય તેવું અક્ષરધામનું સ્વરૂપ, શ્રી ઘનશ્યામ મહારાજ ની આ મૂર્તિમાં છે. એ ઊભા છે એ છટા, એ અદા, એ લીલા, એ પ્રેમભીના નયન, બાથમાં લઇ ભેટી પડે એવો વાત્સલ્ય ભાવ, પળે પળે અહીં થાય છે. એમાંયે વળી વહેલી સવાર, સૌમ્ય-શાંત- સુંદર, આહ્લાદ, કલાત્મક પરસાળ માં સંતો કે હરિભકતોના પ્રેમભર્યા કીર્તનના મધુર શબ્દો, સોનેરી સિંહાસન, સુંગધિત દ્રવ્યોની મહેંક, સહેજે સહેજે શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ માં જોડે છે. આ સ્વરૂપ ના નખશીખ દર્શન મન ને માયાથી પર કરી મહારાજમાં તદાકાર કરે છે. બસ દર્શન કરીએ ! સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીના શબ્દો યાદ આવી જાય છે.

**પ્રાતઃ સમે પાતળીયે કેરુ, કોડે દર્શન કરીએ રે,**
**મહામનોહર નૌતમ મૂર્તિ, લોચનીયામાં ધરીએ રે.**

વર્ષો પૂર્વે પ.પૂ. આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રી દ્વારા વડનગર ના લલ્લુભાઇ (શિલ્પી) દ્વારા ઉત્તમ કોટીના કાષ્ટમાં થી મહારાજ ની પ્રતિકૃતિ રૂપ મૂર્તિ બનાવડાવી. સમય જતાં વિ. સં. ૧૯૪૨ માં કારતક સુદ-૧૨ ના દિવસે પ્રાણ – પ્રતિષ્ઠા કરી. વાઘા આભૂષણો યુકત મૂર્તિમંત સ્વરૂપ આપી, આચાર્યો, સંતો અને હરિભકતો ના દર્શન સુખ માટે પદાપર્ણ કરી. આ મૂર્તિ થી અનેક પરચાઓ, ઐશ્વર્યલીલાઓ તેમજ ચમત્કાર થયા છે અને થાય છે. એ ત્રણ છોગલાવાળી પીળી પાઘ, નવરંગી ડગલો, જરકસી જામો, રાતો રૂડો ખેસ, કેડે કંદોરો, કંઠને વિષે રત્ન-જડિત માળાઓ, અવનવા સુગંધીદાર પુષ્પોના હાર, જમણા કર વિષે ગુલાબનું પુષ્પ, ડાબા કર ને વિષે કાળો તલ, હરદમ હસતું મુખારવિંદ, વાહ ! પ્રભુ વાહ ! કલાકોના કલાકો નિરખ્યા જ કરીએ, આંખથી ખસે નહીં એવું દર્શન. અનેક જીવોના કલ્યાણની પોટલી લઇ પ્રભુ સુખ વહેંચવા ઉભા હોય એવી પ્રતિતિ થાય છે. સ. ગુ. પ્રેમાનંદ સ્વામીના શબ્દો સહેજે સહેજે યાદ આવી જાય છે.

**શોભા સાગર શ્યામ તમારી મૂર્તિ પ્યારી રે,**
**મૂર્તિ પ્યારી રે, નાંખુ મારા પ્રાણ વારી રે.**

દુઃખ, વિષાદ, સમસ્યા, મુશ્કેલી, મનના વિકારયુકત વિચારો ના તરંગો દર્શન થતાં જ સરકી જાય છે. સંસાર ની અનેક દુન્યવી વ્યથાઓ નો ઉકરાટ આ દર્શન થતા જ મીઠી વીરડી સમા થઇ જાય છે. આ મૂર્તિ, મનોહર મહારાજની આધ્યાત્મિક જીવનની દીવાદાંડી છે. આ દર્શનમાં ભવોભવના કલ્યાણ છે. આવી ભવ્ય પ્રસાદીની જગ્યા કે જયાં ખુદ ભગવાનશ્રી હરિ રોકાતા અને એ જ કદ ની મૂર્તિ અને એ પણ મૂર્તિમંત સ્વરૂપે પછી તો વાત જ ના થાય.

હજારો સંતો હરિભકતોના મનોરથ અહીં દર્શનથી પુરા થાય છે. વ્યાધિથી મુકત થવાય છે. અનેક મંદિરોમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિના દર્શન થાય છે. તે મૂર્તિઓનો પણ મહિમા ખૂબ જ છે પણ આ તો પ્રસાદીની જગ્યા, વિશ્વનું સંપ્રદાયનું પહેલું મંદિર અને એ પણ શ્રી નરનારાયણ દેવના ઐતિહાસિક મંદિરના પ્રાંગણમાં. વળી પ.પૂ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજના સ્વહસ્તે શાસ્ત્રોકત વિધિપૂર્વક પ્રાણ પુરાયા હોય એટલે વિશેષ દૈવત હોય તે સ્વાભાવિક છે. આ મૂર્તિ ધર્મ- ભક્તિ, જ્ઞાન-વૈરાગ્ય ની નિષ્ઠમાં શ્રધ્ધા અને વિશ્વાસના દીપ પ્રગટાવે છે. આ દર્શન સુખ, આ દર્શન સંભારણું વાગોળવાથી પણ અક્ષરધામની કેડી કેરા કાંટા નીકળી જાય છે અને અક્ષરધામનું સહેજે સહેજે સુખ મળે છે.જેને લઇને જન્મારો સફળ થાય છે.

# સચ્છાસ્ત્ર

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

અવતાર ધારણ કરીને શ્રીહરિએ જે જે કાર્ય કરવાનું હતું તે સર્વે સંપાદન કર્યું પણ શ્રીહરિએ ભવિષ્યમાં થનાર મનુષ્યોનું પણ હિત થતું રહે એવા વિચારથી અંતર્ધાન થતા પહેલા ત્રણ ગૂઢ સંકલ્પ કર્યા. તે પૈકી એક સંકલ્પ એટલે શાસ્ત્ર તે શાસ્ત્રો પૈકી શિક્ષાપત્રી સ્વયં લખી છે. વચનામૃત (૨૭૩) સ્વયં બોલ્યા છે. શ્રીહરિએ નિયુક્ત કરેલ પાંચ વિદ્વાન નંદ સંતોએ તેનું સંકલન કરી 'વચનામૃત' નામના અદ્વિતીય મહાન ગ્રંથની સંપ્રદાય સહિત સમગ્ર જગતને ભેટ આપી છે. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યના બોધ માટે શ્રી શતાનંદ મુનિ દ્વારા 'સત્સંગિજીવન' જેને ધર્મ શાસ્ત્ર કહેવામાં આવે છે અને વળી સર્વ શાસ્ત્રોનો આધાર પણ માનવામાં આવે છે તેવા ગ્રંથની રચના કરાવી. અગ્રગણ્ય સંતો અને ભક્તોની સહીઓ સાથેનો 'દેશ વિભાગનો લેખ' લખાવ્યો. આ ચાર શાસ્ત્રો સંપ્રદાયનું બંધારણ છે જે સુપ્રિમ કોર્ટમાં પણ માન્ય ઠરેલ છે.

આ ઉપરાંત શ્રી વાસુદેવાનંદ વર્ણી દ્વારા સત્સંગિજીવન ને અનુસરતો એક ગ્રંથ 'સત્સંગિભૂષણ' લખાવ્યો જેને ભક્તિ શાસ્ત્ર કહેવામાં આવે છે. એ ઉપરાંત શ્રીહરિ સમકાલીન ઘણા વિદ્વાન નંદ સંતોએ કાવ્યો અને ચરિત્રોના ઘણા અદ્વિતિય ગ્રંથો લખેલા છે. કીર્તનો પણ ખૂબ લખ્યા છે. આ ગ્રંથો શ્રીહરિએ ખૂબ જ પ્રમાણ કરેલા છે. આ દરેક શાસ્ત્રોમાં શ્રીહરિનું સર્વાવતારીપણું અને સર્વોપરીપણું સિધ્ધ થાય છે. તેમ છતાં ક્યાંય પણ કોઈપણ અવતારનું યુક્તિ પૂર્વક પણ ખંડન થવા દીધું નથી. એટલું જ નહી યથાસ્થાને દરેક અવતારોનો મહિમા પણ ગાયો છે. શ્રીહરિએ સ્વયં પધરાવેલ પોતાના સ્વરૂપો શ્રી નરનારાયણાદિક દેવોનું શ્રીહરિ સાથે એકત્વ પ્રતિપાદન કર્યું છે. પૂર્વે જેટલા અવતારો થયા તે દરેક અવતારો શ્રીહરિના જ છે, કોઈ જુદું તત્વ નથી. ભગવાન એક જ છે, જ્યારે જેવા કાર્યની જરૂર પડે ત્યારે ત્યારે તેવા અવતારને શ્રીહરિ ધારણ કરે છે. એ સિધ્ધાંતનું પ્રતિપાદન કરેલું છે. દરેક શાસ્ત્રોનો એક સરખો જ સિદ્ધાંત છે ક્યાંય પણ કોઈની લાગણીને ઠેસ પહોંચાડ્યા વિના પ્રગટ ભગવાનની ઉપાસના ભક્તિનો મહિમા કહ્યો છે.

અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિક અવતાર તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય, એવા જે શાસ્ત્ર, તે ક્યારેય ન માનવા અને ન સાંભળવા (શિ.પ. શ્લોક નં. ૨૯)

ક્યાંય 'વાતો'ના પુસ્તકમાં કે 'ઉપદેશામૃત'ના પુસ્તકમાં અવાતરોને શ્રીહરિની આગળ 'ઉમરાવો' કીધા હોય શ્રીહરિ સમકાલીન કોઈ હરિભક્તના નાના છોકરા ને અવતારો કરતા વધારે મોટો કીધો હોય. આ બધું યુક્તિ એ કરીને અવતારોનું ખંડન થયું. કોઈ એક નંદ સંતના એક એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડ અણુંની પેઠે ઉડતા ફરે છે. એવું આવે ત્યારે યુક્તિ પૂર્વક ભગવાન અને ભક્તમાં જે સ્વામી અને સેવકનો ભાવ રહ્યો છે તેનો છેદ ઉડાવી દીધો. તો ક્યાંય વળી શ્રી નરનારાયણદેવ અને શ્રી લક્ષ્મીનારાયણદેવ આદિક દેવોને શ્રીહરિથી ન્યૂન કરીને જુદાં પાડી દીધા હોય છે. જ્યારે અગાઉ કહેલા મુખ્ય શાસ્ત્રો અને કોઈક વાતોના પુસ્તકોમાં જ્યારે વિરોધાભાસ આવે ત્યારે સિદ્ધાંત એ છે કે મુખ્ય શાસ્ત્રોને અનુસરવું.

આવા સાહિત્ય પ્રકાશનમાં શ્રીહરિએ સ્થાપેલ ધર્મવંશી આચાર્ય પરંપરાના આચાર્યશ્રીનો આજ્ઞાપત્ર હોતો નથી. પ્રાઈવેટ સંસ્થાઓ દ્વારા આવું સાહિત્ય પ્રકાશન વધારે થતુ જોવા મળે છે. આપણા કાલુપુર જેવા મહામંદિરોમાં તો આવું અતિશયોક્તિ વાળુ સાહિત્ય પ્રકાશિત થતું જ નથી. એટલું જ નહિ તાબાના મંદિરોમાં પણ પ્રાઈવેટ પ્રકાશનના પુસ્તકો માન્ય નથી. માટે સ્વાભાવિક છે કે સાહિત્ય સ્ટોરમાં પણ ન હોય પણ બને છે એવું કે કોઈ હરિભક્તને કોઈ પ્રાઈવેટ સંસ્થાનું વળગણ હોય એટલે ત્યાંથી થતું પ્રકાશન જુદાં જુદાં હેતુ ઈચ્છાથી કે અજ્ઞાનતાથી આપણા મૂળ મંદિરોમાં મુકી જાય છે. એટલું જ નહિ જ્યારે જે તે મંદિરમાં કથા વાર્તા કરવાની તક મળે ત્યારે વર્ચસ્વ વાળા ભક્તજનો આવા પુસ્તકો લઈને કથા કરવા બેસી જાય છે.

અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, પોતાને સેવવાને અર્થે ધર્મ વંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય, તે જ સ્વરૂપને સેવવું, અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે. પણ સેવવા યોગ્ય નથી. (શિ.પ. શ્લોક નં. ૬૨)

મૂર્તિની જેમ શાસ્ત્ર પણ ભગવાનનું સ્વરૂપ હોવાથી સંપ્રદાયની એ પરંપરા રહી છે કે નવું પ્રકાશન થાય ત્યારે તેમાં ગાદી પરના વિદ્યમાન ધર્મવંશી આચાર્યશ્રીનો આજ્ઞાપત્ર હોય ત્યારે જ એ પુસ્તક સચ્છાસ્ત્ર બને છે. ભગવાનનું સ્વરૂપ બને છે. વાંચવા યોગ્ય પાઠ કરવા યોગ્ય, સાંભળવા યોગ્ય અને જીવનમાં ઉતારવા યોગ્ય બને છે. એટલું જ નહિ પૂજવા યોગ્ય પણ બને છે. પાઠ કરવાથી કે સાંભળવાથી અધ્યાયના અંતે કે શાસ્ત્રના અંતમાં જે ફળ લખ્યું હોય છે, શ્રીહરિનો જે રાજીપો લખ્યો હોય છે એ

આવા શાસ્ત્રોને લાગુ પેડ છે. આજ્ઞા પત્ર વિનાના ભેળસેળિયા પુસ્તકોના માધ્યમથી કથા કરવી એ તો શ્રોતાજનોનો ટાઈમ બગાડવા જેવું છે. અને નવા મુમુક્ષુજનોને પાછા પાડવા જેવું છે.

**પોતાનું હિત ઈચ્છતા એવા દરેક નિષ્ઠાવાન સંતો-ભક્તોને નમ્ર પ્રાર્થના છે કે પોતાના આસને કે ઘરમાં આચાર્યશ્રીની આજ્ઞાવાળા જ શાસ્ત્રો વસાવવા, એ સિવાયના પુસ્તકો કોઈ ભેટ આપે તો તે ભેટ સ્વીકારવી નહી અને કોઈને એવા પુસ્તકો ભેટ આપવા નહી,** પડ્યા હોય તો યથાયોગ્ય નિકાલ કરી દેવો. જેથી ભાવિ પેઢીના હાથમાં આવે નહી. જેમાં કીર્તનોનું સાહિત્ય પણ આવી ગયું. આજ્ઞાપત્ર વિનાના કીર્તનોના પુસ્તકમાં પણ પ્રકાશકો નંદ સંતોએ લખેલ શબ્દોમાં ફેરફાર કરી નાખે છે.

આપણા મૂળ મંદિરોના મહંતશ્રીઓ કે પદાધિકારીઓ એ મંદિરના નોટીસ બોર્ડ પર આ અંગે નોટીસ લગાવી દેવી જોઈએ કે જેથી આજ્ઞાપત્ર વિનાના પુસ્તકો મંદિરમાં કોઈ લાવે નહી.

શ્રીહરિએ સ્વયં જેઓને ધર્મધુરા સોંપી છે તેઓને સંપ્રદાયના હિતની આપણા કરતા વધારે ખબર હોય છે. માટે જે સ્વામિનારાયણ સંપ્રદાયના કહેવાતા હોય એવા કોઈ પણ સંત હરિભક્તે આચાર્યશ્રીના આજ્ઞાપત્ર વિનાના પુસ્તકો લખવા કે પ્રકાશન કરવા જોઈએ નહી એમાં જ ઈષ્ટદેવનો રાજીપો છે. પોતાની વિદ્વતા દેખાડવા કે કોઈપણ નિજ સ્વાર્થથી પ્રેરાઈને કે અજ્ઞાનથી પણ આવા પુસ્તકોના પ્રકાશનથી લેખકો તથા પ્રકાશકો તેમજ સૌજન્ય ભેટ આપનારા એમ દરેક ભક્તજનો સંપ્રદાયની સેવા કરવાને બદલે પરોક્ષ રીતે કુસેવા કરી રહ્યા છે.

આ બહુ સુક્ષ્મ વાત છે તેમ છતાં અતિ મહત્વની હોવાથી આપણા સૌના આચરણમાં આવે અને એનું બળ શ્રીહરિ સૌને આપે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# કારીયાણીના ધણી માંચા ખાચર

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

અખંડ બ્રહ્મચર્યના આગ્રહી શ્રી માંચા ખાચર કારીયાણીના ધણી હતા. ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્યનો દિવ્ય સંદેશ ગઢડામાં દાદા ખાચર, એભલ ખાચરને પહોંચાડનાર તેઓ પ્રથમ હતા. તેમના માતા પિતા ભ્રષ્ટ શક્તિપંથી હતા. તેથી માંચા ભક્ત પણ માર્ગી પંથમાં ભળેલા હતા.

માંચાખાચરની સમજણ ઘણી ઊંચી હતી. દિલમાં દયાભાવ પણ ખરો. એ સમયે ચાલતા વ્હેમ અને અંધશ્રધ્ધામાં તેઓ બિલ્કુલ માનતા નહિ. જંત્ર-મંત્ર એ તો લોકોને ભરમાવવાની જ છેતરવાની જ વાત છે તેમ માનતા. તેઓ દ્રઢપણે માનતા કે આ જગતમાં જે કંઈ થાય છે તે ભગવાનની ઈચ્છાથી જ થાય છે.

કારીયાણીમાં તેઓ એક સદાવ્રત ચલાવતા હતા. ત્યાં ગરીબોને, સાધુઓને, સંતોને પ્રતિદિન અન્નદાન અપાતું હતું. એક દિવસ એક બાવો આવીને માંચા ખાચરને કહેવા લાગ્યો કે હું તાંબામાંથી સોનું બનાવી શકું છું. તમે સદાવ્રતી છો તેથી તમને સદાવ્રતમાં કામ લાગશે. તમારી કીર્તિ ચોતરફ ફેલાશે. મને તમે જે દક્ષિણા આપવી હોય તે આપજો. માંચા ખાચર ઘરમાં ગયા. બાવાને થયું કે વાસણ લેવા ગયા છે. હકીકતમાં તો લાકડી લઈને બહાર આવ્યા. અને લાકડી બતાવી ડરાવતાં કહ્યું કે, તને જો સોનું બનાવતાં આવડે છે તો પછી તું દક્ષિણા માટે શા માટે રખડે છે ? આમ ધમકાવીને તેને ગામ બહાર તગડી મૂક્યો.

માંચા ખાચરનો એક મિત્ર હતો તેનું નામ ભોજો ભગત. એકવાર તેને બોલાવીને કહ્યું, ‘‘ભોજા તું ભગવાનને શોધવા જા. ભગવાન શોધી લાવીશ તો તને મોં માગ્યું ઈનામ હું જરૂરથી આપીશ. ભોજો પણ ભાથું બાંધી તીર્થ ભૂમિઓ ખેડવા લાગ્યો. પરંતુ ક્યાંય મેળ ન પડે. તેણે એકવાર આકાશવાણી સાંભળી, ‘‘તું ઘેર જા. તને ઘેર બેઠા ભગવાન મળશે.’’

આ સમયે જ ભોજો ચારણ ત્યાંથી નીકળી ગયો. માંચા ખાચરને આ બધી વાત કરી. તેમને બીજા દિવસે એવા સમાચાર મળ્યા ભગવાન માંગરોળમાં છે. તેઓ ત્યાં પહોંચી ગયા. તેમને સમાધિ થઈ તેઓ શ્રીહરિના આશ્રિત થયા.

ઘેર આવતાં રસ્તામાં ગઢપુર આવ્યું. તેથી ભગવાન પ્રગટ થયાની વાત માંચા ખાચરે એભલ ખાચર તથા દાદા ખાચર જીવુબા-લાડુબાને કહી, માંચા ભગતની વિનંતી ને માન આપી શ્રીહરિ કારીયાણીમાં પધાર્યા ત્યાં અપાર લીલાઓ કરી. મોટું તળાવ ખોદાવ્યું વસંત પંચમીનો સમૈયો કર્યો.

એક વખત શ્રીજી મહારાજે તેમને ગઢડા બોલાવ્યા. એ સમયે પોતાની પાંચસો વીઘા જમીનમાં મોલ થયેલો. એટલે ચિંતા થઈ. એવી આસક્તિ ન જોઈએ તેવું માની ગામના પશુધન રાખનાર રબારીઓને બોલાવી આ ખેતર પશુઓને ગાય, ભેંસ, ઘેટાં, બકરાના ચારિયાણ તરીકે ઉપયોગમાં લેવા તેમને આજ્ઞા આપી પછી તરત જ શ્રીહરિ પાસે ગઢડા ગયા.

લોયાના ત્રીજા વચનામૃતમાં શ્રીહરિએ માંચા ખાચરનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે, ‘‘મહાત્મ્ય જ્ઞાને સહિત ભગવાનનો નિશ્ચય હોય તેનાથી શું ન થાય ? શ્રીહરિએ અઢાર પરમ હંસો કર્યા તેમાં માંચા ભક્તનું નામ મોખરે છે.

# આપણા હરિમંદિરો તથા પ્રસાદીના સ્થાનો (સાદરા-વાસણા દેશ)

- બિપીન પટેલ, ગાંધીનગર

**અવતીર્ય નિજાક્ષરાત્પરાદિહ મુર્ત્યાઁ બદરીવને સ્થિતઃ ।**
**ભુવિભારત જીવશર્મણે નરનારાયણદેવ પાહિમામ ॥**

શ્રી હરિ એ ગુજરાતની ધરાને પોતાના ચરણોથી અંકિત કરીને પાવન કરી દીધી છે. આપણા ઉત્તર ગુજરાતના આવેલા ગાંધીનગર પાસેના ‘‘સાદરા-વાસણા દેશ’’ ની પાવન ધરાના દર્શન કરતા કરતા અગાઉના લેખાંક – ૩ માં નાંદોલ, સલકી અને વર્ધાના મૂવાડાના પ્રસાદીભુત ગામોના મહાત્મ્યનો આસ્વાદ માણ્યો.

આવો હવે શાસ્ત્રોના આધારે તથા સ્વયં દર્શનનો લાભ લીધા પછી હૃદયમાં ઉઠેલા ભાવ તરંગોને દિવ્ય અનૂભુતિનો આસ્વાદ માણવા દહેગામ, વાસણા-રાઠોડ, ના પવિત્ર દર્શન મહાત્મ્યનો આસ્વાદ માણીએ.

ગાંધીનગરથી વાયા ચિલોડા થઈને જતા ૨૬ કિ.મી.ના અંતરે દહેગામ આવે છે. ગાંધીનગરનું તાલુકા મથક છે અને સુખી સમૃધ્ધ ગામ છે. નાંદોલ – સલકી અને વર્ધાના મૂવાડાના દર્શન કરીને આગળ વધતા લગભગ ૧૦ કી.મી.ના અંતરે દહેગામ આવે છે.

**(૧) દહેગામઃ** દહેગામમાં એસ.ટી. ડેપોની સામેથી ગામમાં પ્રવેશતા પૂર્ણિમા સ્કુલ થઈને ટેબલાફળીમાં હાલ પ્રસાદીભુત હરિમંદિર ‘‘શ્રી સ્વામિનારાયણ મંદિર’’ ના દર્શન થાય છે. નાનકડા સિંહાસનમાં શ્રી નરનારાયણ દેવ, શ્રી રાધાકૃષ્ણ દેવના દર્શન કરીને ધન્ય થઈ જવાય તેવા દિવ્ય દર્શનનો લાભ લઈને આનંદ પમાય છે. સિંહાસન સુંદર કાર્વિંગ વાળું છે. આ મંદિર સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી એ આશરે ૧૫૦ વર્ષ પહેલા બંધાવેલ હોવાનું અનુમાન છે. આ મંદિર મૂળ તો શ્રીજી મહારાજના લાડીલા ભક્ત ‘‘ગણેશ ભકતનું ફળિયું’’ તરીકે ઓળખાતા ફળિયામાં ‘‘થાવર સુથાર’’ ના ઘરમાં બનાવવામાં આવેલ છે. હાલ મંદિરમાં શ્રીજી મહારાજના પ્રસાદીના ચરણારવિંદ પણ પધરાવેલા છે.

લોકવાયકા પ્રમાણે મંદિરમાં જ્યારે હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા કરવાની હતી ત્યારે દ્વેષી લોકોએ વિરોધ કર્યો હતો અને હનુમાનજીની પ્રતિષ્ઠા કરી શકયા નહોતા, ત્યારે શ્રીજી મહારાજ બ્રાહ્મણના વેશમાં આવીને પૂજારીને કહ્યુ કે, બધાને બોલાવો આપણે સમજાવીશું. પૂજારી બધાને બોલાવવા ગયા ત્યાં સુધી તો શ્રીજી મહારાજે હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા કરીને બીજા દરવાજેથી અદ્દશ્ય થઈ ગયા હતા. દ્વેષીઓ જયારે આવ્યા ત્યારે હનુમાનજીની ચમત્કારી મૂર્તિના દર્શન કરીને તેમનામાં રહેલ ક્રોધ અને આક્રોશ શમી ગયો હતો અને સર્વેને મહારાજના ચમત્કારનો અનુભવ થયો હતો. મંદિરના મધ્યભાગમાં પ્રસાદીનો થાંભલો આવેલો છે. શ્રીજી મહારાજ ત્યાં બિરાજીને કેરી પણ જમ્યા હતા. આ મંદિરને ગામનું મહાત્મ્ય શાસ્ત્રોના આધારભૂત પ્રમાણોને અત્રે ટાંકયા છે.

દહેગામમાં શ્રી હરિ લગભગ ચાર વાર પધાર્યાનો ઉલ્લેખ જુદાં જુદાં શાસ્ત્રોમાં મળે છે. સંવતઃ૧૮૬૨ માં વડતાલથી ઉમરેઠ, ડડુસર, ઘમીજ અને વાસણા થઈને દહેગામ પધાર્યા હતા. (ભૂમાનંદ સ્વામીની વાતો) ત્યારબાદ ફરીથી સંવત : ૧૮૬૨ માં સરખેજ, ઘમીજ, વાસણા થઈને દહેગામ ગણેશભાઈ પટેલના ઘરે પધાર્યા હતા. તેમના ધર્મપત્ની ગંગાબા એ ભાવથી શ્રીહરિને થાળ કરીને જમાડ્યા હતા. (શ્રી હરિ લીલા સિંધુ).

દહેગામથી નાંદોલ જતાં નિલકંઠ મહાદેવનું પ્રસાદીભુત મંદિર આવેલું છે. આ મંદિરમાં શ્રીજી મહારાજે પૂજા કરેલી છે.

વળી એક વખત ઉનાવાથી આદરજ, સલકી થઈને મહારાજ દહેગામ પધાર્યા હતા. (સત્સંગિ જીવન પ્રકરણ-૨)

ભક્તચિંતામણીમાં શ્રી હરિના દર્શન કરીને ધન્ય થયા હોય તેવા દહેગામના ઘણા ભક્તો જેવા કે ગણેશ ભક્ત, ભૂધર ભક્ત, ત્રિકમ ભક્ત, વલ્લભરામ વિગેરેનો ઉલ્લેખ જોવા મળે છે.

શ્રી હરિ જ્યારે વહેલાલમાં બિરાજતા હતા ત્યારે દહેગામના ગણેશભાઈ પટેલ કેરીનું ગાડું ભરીને લઈ આવ્યા હતા. જે શ્રીજી મહારાજે બધા સંતોને જમાડી હતી. (સત્સંગિ ભૂષણ અધ્યાયઃ૧૭)

આમ દહેગામનો મહિમા અપરંપાર છે. આવો આપણે બીજા એવા મહાન પ્રસાદીભુત ગામ વાસણા-રાઠોડનો મહિમા જાણીએ.

**(૨) વાસણા રાઠોડઃ-** દહેગામથી માત્ર ૪ કિ.મી.ના અંતરે નરોડા-દહેગામ રોડ પર મહાપ્રસાદીભુત ગામ વાસણા-રાઠોડ ગામ આવે છે. શ્રીજી મહારાજના મહામુક્તરાજ જેરામ બ્રહ્મચારીનું પૂર્વાશ્રમનું ગામ.

આ ગામમાં મહામુકતરાજ શ્રી જેરામદાસનો જન્મ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. નાનપણથી જ ભક્તિરસમાં







પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં અમદાવાદ શ્રી નરનારાયણદેવ યુવક મંડળનું સ્નેહ મિલન

પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં સંતરામપુર શ્રી નરનારાયણદેવ યુવક મંડળનું સ્નેહ મિલન




મોયદ મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી




ધમાસણા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી




અમદાવાદ મંદિરમાં પૂનમે દાડમના અન્નકૂટની આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી




ઓળા મંદિરમાં શાકોત્સવ કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી




વાલમ (વિસનગર) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી




નિકોલ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી









વડુ મંદિરના રજત જયંતી પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી





રામગઢ (મૂળી પ્રદેશ) મંદિરનાં પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



નવા વાડજ મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



ગુલાબપુરા કથા પ્રસંગે આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજ



ભાભર (બનાસકાંઠા) નૂતન મંદિરનું ખાત મુહૂર્ત અને શાકોત્સવ કરતા અમદાવાદ મંદિરના મહંત સ્વામી તથા સંતો



માંડલ (વિરમગામ) મંદિરમાં શાકોત્સવ કરતા સંતો



શેરગામ (વિરમગામ) મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા સંતો



છપિયા મંદિરમાં નેત્રનિદાન કેમ્પમાં લાભ લેતા સ્થાનિક લોકો



બાપુપુરા ગામે કથામૃત પાન કરાવતા પૂ. રામ સ્વામી

તરબોળ એવા ભક્તરાજ જેરામદાસને જ્યારે સમાચાર મળ્યા કે શ્રીજી મહારાજ ગામમાં પધારી રહ્યા છે ત્યારે ઢોલીને બોલાવી વાજતે-ગાજતે શ્રીજી મહારાજનું સ્વાગત કરવા સૌ ગ્રામ જનો ભાગોળ સુધી એકત્રિત થઈને આવ્યા હતા. શ્રીજી મહારાજે જેરામદાસને દીક્ષા આપીને જયાનંદવર્ણી એવું નામ પાડ્યું હતું. આ જેરામ બ્રહ્મચારી મોટા કવિ પણ હતા. તેમનું કીર્તન ''આજ સખી આનંદની હેલી'' સત્સંગમાં ખૂબ પ્રખ્યાત છે. બ્રહ્મચારીજી જ્યાં રહેતા હતા તે મકાનમાં 'આપણું શ્રી સ્વામિનારાયણ મંદિર' છે. શ્રીજી મહારાજના દર્શન કરીને ધન્ય થઈ જવાય તેવું મંદિર છે.

વાસણા-રાઠોડ ગામમાં શ્રીજી મહારાજ ઘણીવાર પધાર્યા હતા. આવો શાસ્ત્રોના આધારે જોઈએ, શ્રીજી મહારાજે આ ધરાને પાવન કરીને વૃંદાવન સમ બનાવી છે.

- સવંત ૧૮૬૨ માં વડતાલથી ઉમરેઠ, ડડુસર થઈને વાસણા પધાર્યા હતા. (ભૂમાનંદ સ્વામીની વાતો)

- એ જ વરસમાં ફરીથી દહેગામથી પધાર્યા હતા. (શ્રી હરિ લીલા સિંધુ – તરંગ - ૧૦)

- એ જ વર્ષમાં ત્રીજીવાર મોટેરાથી વહેલાલ થઈને શ્રીજી મહારાજ પધાર્યા હતા. (શ્રી હરિ લીલા સિંધુ તરંગ - ૨૫)

આમ અનેકવાર શ્રીજી મહારાજ વાસણા-રાઠોડ ગામે પધાર્યા હતા, તેનો ઉલ્લેખ જોવા મળે છે. જેમ કે ઘનશ્યામ લીલામૃતસાગર તરંગ – ૫૬, સત્સંગિ જીવન પ્રકરણ - ૨ વગેરે ગ્રંથોમાં આ મહાન પ્રસાદીભુત ગામનો મહિમા વર્ણવ્યો છે.

શ્રી હરિના દર્શનથી પાવન થયેલ ભક્તોના નામ ભક્તચિંતામણી પ્રકરણ - ૧૨૦ માં નીચે આપેલ ચોપાઈમાં વર્ણવ્યા છે.

'' દ્વિજ ભક્ત છે મનછારામ, હરી મંગળ મૂળજી નામ

પિતાંબર આદિભક્ત ભાઈ, જે કુંવર જતન રામબાઈ ૩૮ એહ આદિ બાઈ ભાઈ જેહ, વસે ગામ વાસણામાં તેહ'' (શ્રી ભક્ત ચિંતામણી પ્રકરણ - ૧૨૦)

વાસણા-રાઠોડ ગામના જેરામ બ્રહ્મચારી મહામુકતરાજ હતા. આવા મહાન સંતના જન્મસ્થાન, પ્રસાદી મંદિરના દર્શન જરૂર કરજો.

(અનુસંધાન પેજ નં. ૯ નું)

સૂંઢવાળા! વરદાન આપ્યું કે પ્રથમ પૂજાશે, સૌના કષ્ટ હરશે, વિઘ્ન હરશે, પંથે ચાલે કોઈ કામ કરે તો ગણેશ સંભારે તેના વિઘ્ન હરશે ગણેશ. ત્યાર પછી માતા પાર્વતી પુત્રી ઓખા... ઓખા... એમ બુમ પાડી બોલાવે છે ત્યાં તો ઓરડીમાંથી પુત્રી ઓખા બહાર આવી. મા, કહે તું ક્યાં ગઈ હતી. તારા ભાઈનું રક્ષણ ના કરી શકી. ક્યાં સંતાણી હતી તું ! થરથર કંપતી ઓખા બોલી માં હું મારા અંગ બચાવવા લુણી (માટલી)માં સંતાણી હતી ! આ સાંભળી ગુસ્સે થઈને માતા પાર્વતી બોલ્યા જા લુણની જેમ તારા પણ અંગ ગણ્યા કરશે. તારી લુણ કાયા થશે અને દૈત્ય કૂળમાં અવતાર થશે. આવો માતા નો શાપ સાંભળી થરથર ધ્રૂજતી પુત્રી ઓખા માને પ્રાર્થના કરવા લાગી કે આવડો મોટો મહાદંડ મને શાને આપો છો. હું નિર્દોષ છું. ક્ષમા કરો ક્ષમા કરો ! આકરુંદ કરતી ઓખાને કહ્યું કે તારો લુણ અવતાર તો થશે તથા દૈત્ય કુળમાં જન્મ પણ થશે. પણ દેવની સાથે લગ્ન થશે.

સમય જતાં ઓખા નો શોણીતપુર નરેશ શિવપુત્ર બાણાસુરની પુત્રી તરીકે જન્મ થયો. તેનું નામ ''ઉષા'' રાખવામાં આવ્યું. તેના લગ્ન દ્વારકાધિશના પુત્ર પ્રદ્યુમનના પુત્ર અનિરુધ્ધની સાથે થયા.

વળી જગદંબા પાર્વતીમાં એ પુત્રી ઓખાને વરદાન આપતા કહ્યું કે ચૈત્ર માસમાં તારો જન્મ મિનારકમાં હોવાથી જે કોઈ ઓખાહરણની કથા સાંભળશે તે મહારોગ થકી મુકાઈ જશે. તથા ચૈત્ર માસમાં ત્રીસ દહાડા જો લુણ (નમક મીઠું) ન ખાય અથવા પાંચ દહાડા કે એક દિવસ પણ લુણ વિના ભોજન જે કોઈ કરે તે સૌભાગ્ય ને પ્રાપ્ત કરી કઠણ કર્મ થકી મુક્ત થશે. સદાય નિરોગી રહેશે.

જગદંબા દેવી પાર્વતીના શાપથી જે (લુણ) મીઠાને દોષ લાગ્યો તેના નિવારણ માટે ચૈત્ર માસ અને એકાદશી જેવા વ્રતના દિવસે મીઠું ખાવાનો નિષેધ છે. લુણ ગ્રહણ કરવાથી વ્રતનો નાશ થાય છે. પાર્વતીના શાપના દોષમાંથી મુક્ત થવા ઉપર કહેલા ચૈત્ર માસમાં લુણ વિનાનું ભોજન કરવું હિતાવહ છે. આજે પણ આપણી સંસ્કૃતિમાં ચૈત્ર માસની નવરાત્રીમાં ભક્તો નમક વિનાનું ભોજન કરતા હોય છે. તેના ઉપર માતા પાર્વતીની કૃપા સદાય રહે છે. મહિનો ન થાય તો નવ દિવસ, પાંચ દિવસ કે ત્રણ દિવસ કે છેલ્લે એક દિવસ પણ લુણનો ત્યાગ કરવો જોઈએ.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

**સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા**
**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળનાં સંકલ્પથી**
**આ વર્ષથી**

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી-ડિસેમ્બર-૨૦૨૪

| | |
|---|---|
| તા. ૦૧-૧૨-૨૦૨૪ | (સવારે) પ.ભ. ગીતાબેન બળદેવભાઈ પટેલ - ઝુલાસણવાળા - હાલ યુ.એસ.એ. |
| તા. ૦૧-૧૨-૨૦૨૪ | (બપોરે) પ.ભ.શ્રી ગણપતભાઈ ગંગારામભાઈ પટેલ - પંઢરપુરવાળા - હાલ મેમનગર. |
| તા. ૦૪-૧૨-૨૦૨૪ | પ.ભ. ચંપાબેન વિષ્ણુભાઈ પટેલ - પલિયડવાળા - સાયન્સસીટી, અમદાવાદ. |
| તા. ૧૫-૧૨-૨૦૨૪ | (સવારે) પ.ભ.અ.નિ.શ્રી લાલજીભાઈ લવજીભાઈ પટેલ પરિવાર - દેવપુરાવાળા - હ. જયપ્રકાશભાઈ. |
| તા. ૧૫-૧૨-૨૦૨૪ | (બપોરે) પ.ભ.શ્રી કાંતિભાઈ ગોવિંદભાઈ પરમાર - શાસ્ત્રીનગર - પૌત્રી રિધ્ધિ પ્રશાંતભાઈ - સી.એ. ની પરીક્ષા પાસ કરી તે નિમિત્તે - કાલુપુર અમદાવાદ. |
| તા. ૨૮-૧૨-૨૦૨૪ | (સવારે) પ.ભ.શ્રી પુષ્પાબેન બળદેવભાઈ પટેલ - નારણપુરા. |
| તા. ૨૮-૧૨-૨૦૨૪ | (બપોરે) પ.ભ.શ્રી વિવાન સંદિપભાઈ પટેલ - સાયન્સ સીટી - અમદાવાદ. |
| તા. ૨૯-૧૨-૨૦૨૪ | પ.ભ.શ્રી સોમાભાઈ નાથાભાઈ પટેલ - કોઠંબા - હસ્તે વિભાબેન જસવંતભાઈ - શહેરા |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી-ડિસેમ્બર-૨૦૨૪

| | |
|---|---|
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ.શ્રી કાંતિલાલ નારાયણજીભાઈ પટેલ - નવસારી. |
| રૂા. ૫૦,૦૦૦/- | પ.ભ.શ્રી હસમુખભાઈ કાન્તિલાલ શાહ - અમદાવાદ - હ. સૌમીલ શાહ. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી પ્રબોધિની એકાદશી 'જાગરણ' સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "જીવનમાં ક્ષણે ક્ષણે જાગૃતિની જરૂર છે."**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

હમણાં જ કથામાં વાત આવી કે મહારાજે આ જગ્યાએ જ બેસીને સંતોને નટની 'કળા' બતાવી હતી. મહારાજની બધી વાતો અને લીલાઓ એમ જ નથી હોતી. બધી વાતો કે લીલાઓ કાંઈક શીખડાવવા માટે હોય છે. હવે આ નટની કળાથી શું શીખવા મળે છે ? (૧) 'એકાગ્રતા' (૨) 'સંતુલન' નટની જેમ જ આપણા જીવનમાં સંતુલન અને એકાગ્રતા હોવી જોઈએ. નટ જ્યારે દોરડા ઉપર ચાલે છે તો એક સંતુલન રાખે છે અને એકાગ્રતા હોય છે. પોતાના કામ પ્રત્યે જો વધારે જમણી કે ડાબી બાજુ જતા રહે તો પડી જાય. વધારે જમણી બાજુ નહિ અને વધારે ડાબી બાજુ પણ નહિ, વચ્ચોવચ્ચ ચાલે છે. જેથી બરાબર સંતુલન જળવાઈ રહે. બીજું છે એકાગ્રતા. એનું ધ્યાન પોતાના કાર્યમાં જ હોય છે. બધા એમની સામું જુએ છે પણ એ માત્રને માત્ર પોતાના કાર્ય ઉપર એક ચિત્તે ધ્યાન રાખે છે. જો ચારે બાજું જોવા જાય તો પડી જાય. એવી જ રીતે આપણે પણ સંતુલિત જીવન જીવવું જોઈએ. અને પોતાના લક્ષ્ય પ્રત્યે એકાગ્રતા રાખવી જોઈએ. જીવનમાં કોઈ પણ વસ્તુ કે કાર્યની 'અતિ' અને 'કમી' ન હોવી જોઈએ. દા.ત. આહાર અને નિંદ્રા એ બેની અતિ અને ઓછપ બન્ને નુકશાનકારક છે. આહાર માપસર અને નિંદ્રા પણ માપસર લો તો ફાયદાકારક થશે. વધારે જમશો કે વધારે નિંદ્રા લેશો તો પણ નુકશાન કરશે અને ઓછું લેશો તો પણ નુકશાન કરશે. એટલે સંતુલન રાખવાનું, એકાગ્રતા રાખવાની. આ જીવનનું લક્ષ્ય શું છે. એ જાણ્યા પછી એ લક્ષ્ય પ્રાપ્તિ માટે એકાગ્રતાપૂર્વક સાધન કરવા. આપણે આ જગતમાં આવ્યા છીએ તો આપણું મુખ્ય કાર્ય શું છે ? **'ભગવદ્પ્રાપ્તિ'** તો તેને છોડીને આપણું ધ્યાન આપણે જગત તરફ રાખીશું એમ જગત સામું જોવા રોકાઈશું તો આપણું લક્ષ્ય ચૂકાઈ જશે. તો જાગૃત રહેવાનું છે. આપણે પણ આપણા લક્ષ્ય તરફ જ ધ્યાન રાખવું છે. એ બાબત આ વાત પરથી શીખવાની છે. ને આપણે ભગવદ્પ્રાપ્તિ માટે પ્રયત્ન કરી રહ્યા છીએ. તો ભગવદ્પ્રાપ્તિ માટે મુખ્ય ત્રણ માર્ગો છે. **(૧) જ્ઞાનમાર્ગ (૨) ભક્તિમાર્ગ (૩) નિષ્કામ કર્મમાર્ગ.** જે વ્યક્તિના જીવનમાં 'વૈરાગ્ય' વધારે હોય છે. અર્થાત્ જગતથી 'અનાસક્ત' હોય છે. તેવા વ્યક્તિ જ્ઞાનમાર્ગમાં આગળ હોય છે. જે વ્યક્તિ જગતથી વધારે 'વિરક્ત' પણ નથી અને જગતમાં વધારે 'આસક્ત' પણ નથી તે વ્યક્તિ ભક્તિમાર્ગમાં આગળ હોય છે. અને કર્મ તો જીવનમાં બધાને કરવું જ પડે છે. અને સંચિત કર્મોમાંથી બનેલા 'પ્રારબ્ધકર્મ' પણ બધાને ભોગવવા જ પડે છે. માટે નિષ્કામ કર્મ કરવા. **'સકામ' કર્મો આપણને કર્મના બંધનમાં બાંધે છે.** નિષ્કામ કર્મો કરવા માટે સત્કર્મોનો અભ્યાસ કરવો પડે છે. અભ્યાસ થઈ જાય પછી **કોઈપણ 'આશા' કે 'કામના' વગરે જે કર્મ કરો તે નિષ્કામ કર્મ કહેવાય.** શરીર છૂટે ત્યાં સુધી સાથ આપે તેવા કર્મો વિનાશી સુખ આપે છે. શરીર છૂટ્યા પછી પણ જે કર્મો ઉપયોગી થાય એવા કર્મો અવિનાશી સુખ આપે છે. માટે સત્કાર્યો સાથે કાયમ જોડાઈને રહેવાનું અને સત્વૃત્તિઓને જાળવી રાખવાની અર્થાત્ **'પોતાની જાતને સત્કર્મોથી 'સંકલ્પિત' કરવાની'** આપણો આ જન્મ છે તે આવતા જન્મની તૈયારીરૂપે છે. આપણે જેવા કાર્યો કરીશું એ પ્રમાણે જન્મ મળશે. તો આપણે શું કરવાનું છે ? એવી તૈયારી કરવાની છે કે આવતો જન્મ થાય જ નહિ એના માટે આર્તતા જોઈએ. 'આર્ત' ભક્ત હોય છે તે નાના બાળકની જેમ હોય છે. એના કર્મ ભગવાન જલ્દી ટાળી દે છે. એના માટે સંપૂર્ણ શરણાગતિ જોઈએ. નાનું બાળક એની માતાને ન જુએ તો કેવું વ્યાકુળ થઈ જાય છે. આપણને ભગવાન માટે એટલી વ્યાકુળતા હોવી જોઈએ. અને નાના બાળકને જેમ માતા ઉપર ભરોંસો હોય છે. એમ આપણને પણ ભગવાન ઉપર ભરોંસો હોવો જોઈએ. શ્રધ્ધામાંથી ક્યારેય ચલિત નહિ થઈ જવાનું. અમુક વખતે એવું થઈ જાય છે કે બસ હવે બધું પુરુ થઈ ગયું ત્યારે સામર્થી પણ કામ નથી લાગતી, તો આવી રીતે જ્યારે શ્રધ્ધા ડગી જાય ત્યારે બીજો કોઈ ઈલાજ નથી. પણ દસ-પંદર મિનિટ સમજણ રાખીને બેસીને વિચારવાનું કે **અત્યાર સુધી મારા જીવનમાં સારા-નરસા પ્રસંગો આવ્યા છે તો ભગવાને બધું પુરુ કર્યું છે. તો આગળ પણ કરશે એમ હિંમત રાખવાની.** સારા-નરસા પ્રસંગો દરેકના જીવનમાં આવ્યા જ હોય છે. ભગવાને શાસ્ત્રો દ્વારા પણ રસ્તો બતાવ્યો છે. અને જ્યારે આપણી વિપરિત પરિસ્થિતિમાં કોઈ આવીને મદદ કરે ત્યારે સમજી લેવાનું કે ભગવાને સામેની વ્યક્તિની બુદ્ધિમાં પ્રવેશ કર્યો છે. હૃદયમાં પ્રવેશ કરીને પ્રેરણા કરી છે. ભગવાન કાંઈ પ્રત્યક્ષ આવીને ઉભા રહે અને આપણે દર્શન કરીએ એવું નથી થતું પણ **કોઈપણ**

**વ્યક્તિને 'નિમિત્ત' બનાવીને મોકલે છે.** આપણે સમજી લેવાનું કે મારા દુઃખના સમયમાં કોઈ વ્યક્તિના માધ્યમથી મારી પાસે આવીને ઉભા છે. આપણે ભગવાનને એવી પ્રાર્થના કરવાની કે મને એવી સજાગતા આપો એવી જાગૃતતા આપો કે **'હું આપને ઓળખી શકું'**. આપણો અંતરાત્મા એમ સતત જાગૃત હોવો જોઈએ. કળિકાળની અસર આપણા ઉપર થયા વગર રહેશે નહિ. પણ જ્યારે એવી ખબર પડે કે આવી અસર આપણા ઉપર થઈ છે ત્યારે ભગવાન સન્મુખ હાથ જોડીને સાચા હૃદયથી ઉભા રહેશો પાંચ મિનિટ. તો અંદરથી અવાજ આવશે. જેના માધ્યમથી આપણા દ્વારા કરેલા ખોટા કર્મોની યાદ અપાવશે. એ વખતે કદાચ શ્રધ્ધા ડગશે. એવું લાગશે કે શાંતિ માટે દર્શન કરવા આવી હતી. પણ અહિંયા તો મનમાં ખરાબ વિચારો અને ઉદ્વેગો વધી ગયા. પણ એ બધું ભગવાન આપણને યાદ અપાવે છે કે આ ખામી છે. એને દૂર કરો. મહારાજને ચિંતા છે. એટલે ભૂલ યાદ અપાવીને સુધારવાનો રસ્તો બતાવે છે. એટલે જ્યારે પણ એવું થાય ત્યારે સમજી લેવાનું કે મહારાજે આપણી ઉપર દયા કરી છે કે ભૂલ સુધારવાની તક આપી છે. તો આપણે પણ જાગૃત રહેવાનું છે. આપણા મનોબળને તોડવાવાળા તો બહુ લોકો આ જગતમાં મળે છે. અત્યારે આપણો સમય એવો ચાલે છે ને કળિકાળનો. જે આપણને ડગાવી જાય છે. દા.ત. ઓફિસમાં કોઈ કામ કરતા હોય તો લોકો કહેવાવાળા મળે છે કે આમાં તમને શું મળે છે. આવી નોકરી ના કરાય. અથવા તો આપણી આર્થિક પરિસ્થિતિ સારી ના હોય તો કોઈ આપણને શીખવાડે કે આવા ઘરમાં ના રહેવાય. તો આપણે નોકરી કે ઘર કોઈના કહેવાથી છોડી દઈએ છીએ ? નથી છોડતા. કેમ કે પોતાને ખબર હોય છે કે મારે આ ઓફિસની કે આ ઘરની કેટલી જરૂરિયાત છે. તો ભગવાન સંબંધી વસ્તુમાં કોઈ એમ કહે કે મંદિરે ઓછું જવાનું ભજન ઓછું થાય તો ચાલે અથવા તો અહિંયા કરતા ત્યાં જાવ તો વધારે સારુ છે. તો શ્રધ્ધા કેમ ડગી જાય છે ? તો 'સાવધાન' થવાની જરૂર છે. જીવનમાં ક્ષણે ક્ષણે જાગૃત રહેવાનું છે. તો જ આપણી આધ્યાત્મિક પ્રગતિ થશે. આપણને એમ વિચાર આવે કે સમય એવો ચાલે છે. સમયનું શું કરી શકીએ ? તો સમયનો સદ્‌પયોગ કરી શકીએ કેવી રીતે ? તો ગમે તે કામ કરતા કરતા નામસ્મરણ કરતા રહેવું, કળિયુગમાં નામસ્મરણના કરોડો ફાયદા છે. સત્કર્મો કરવા હોય તો પણ નામસ્મરણ બહુ જ મદદરૂપ થાય છે. એક તો એ કે આપણી અંદર સતત નામસ્મરણ ચાલુ હશે તો આપણાથી ખોટા કર્મો નહિ થાય. સતત નામસ્મરણથી વૃત્તિ ભગવાનમાં જોડાઈને રહેશે. જ્યારે વૃત્તિ ભગવાનમય હશે ત્યારે ઈન્દ્રિયો પણ એ પ્રમાણે કાર્ય કરશે. ખોટી વ્યર્થની ઈચ્છા નહિ થાય. નેત્રોથી વ્યર્થ દૃશ્યો જોવા કરતા ભગવાનના દર્શન કરવાનું મન થશે. રસના ઈન્દ્રિય દ્વારા સાત્ત્વિક આહાર લેવાની ઈચ્છા થશે. આમ **ઈન્દ્રિયો કાયમ નિયમમાં રહે તો એને પણ સત્કર્મ જ કહેવાય.** ઈન્દ્રિયો નિયમમાં નહિ હોય તો આપણે દિશા પકડ્યા પછી પણ ભટકી જવાય છે. કાંઈક 'લાલચ' દેખાય તો પણ આપણી દિશા બદલાઈ જાય છે. તો દરેક જગ્યાએ સાવચેત રહેવાનું છે. ૯૯% લોકો માયાનો હાથ પકડીને ભવસાગર પાર કરી રહ્યા છે એવું દેખાય છે. આ તો એવું થયું કે એક અંધ વ્યક્તિ બીજા અંધ વ્યક્તિનો હાથ પકડીને ચાલવા જાય છે. તો ક્યાંથી મેળ પડે. આપણે પણ માયાના જગતમાં જ રહીએ છીએ. એટલે સજાગતા નહિ રાખો તો તરત પ્રમાદ આવી જશે. ભગવાન સંબંધી કાર્યમાં પ્રમાદ આવી જ જાય છે. અને જગત સંબંધી કાર્યમાં તત્પરતા આવી જાય છે. એ જ પ્રભાવ છે આ કળિયુગનો. કળિયુગમાં માત્ર નામસ્મરણ કરતા રહો અને હાથ જોડીને ઉભા રહો તો પણ મોટામાં મોટું કષ્ટ પણ ભગવાન ટાળી દેશે.

●

### "તમારું નામ ન્યાલકરણ"

- કંચનબેન બાબુભાઈ અડાલજા (રતનપર-મૂળીદેશ)

સેવાની મૂર્તિ સમા આંબાશેઠ ગઢાળી ગામના હતા. એકવાર ચાતુર્માસમાં એવો નિયમ રાખ્યો કે મહારાજને દરરોજ સવારમાં વહેલું લીલુ દાતણ પહોંચાડવું. આમ તો આ નિયમ તદ્દન સરળ લાગે પણ ખ્યાલ કરીશું તો ખબર પડશે કે ખૂબ અઘરૂ છે.

આંબાભક્તે એક પતરાની ભૂંગળી કરાવી. એમાં ઈલાયચીના દાણા ભરી દીધા. દરરોજ સાંજે સારૂ તાજું દાતણ જાતે કાપી લાવીને પેલી ભૂંગળીમાં મૂકી રાખવાનું. સવારે ત્રણ વાગ્યે ઉઠી સ્નાન-પૂજાથી પરવારી ચાર વાગ્યે દાતણની ભૂંગળી ગઈ ચાલતા થઈ જાય તે પાંચ વાગતામાં તો અક્ષરઓરડીના ઓટલે આવીને બેસી જતા. અને મહારાજ જાગ્રત થાય એટલે દર્શન કરીને દાતણ આપતા. શ્રીહરિ કાયમ પાંચ વાગ્યે જાગૃત થતા. પછી સવારની કથાવાર્તા સાંભળીને આંબા ભક્ત પાછા ગઢાળી આવીને પોતાની દુકાન ખોલતા.

જે જે સેવા કરતા તેમાં સંપૂર્ણ સમજ બુદ્ધિ રાખીને કરતા ને પોતે ખૂબ આનંદી સ્વભાવના હતા. એકવાર, ગાદલાં, ઓશીકાં, ગાલમશૂરીયાં, બાજોઠ, પાટલા, રજાઈઓ વગેરેનું ગાડું ભરીને લાવ્યા. મહારાજ કહે આંબા શેઠ આ બધું શું લાવ્યા ? મહારાજ, આગ લાગી છે તેમાંથી આટલું બચ્યું તે અહીં લાવ્યો છું. શેઠે જવાબ આપ્યો. અજાણ્યા હોય તેમ મહારાજે ફરી પૂછ્યું કે આ કેવી રીતે આગમાં બચાવ્યું? ત્યારે જવાબ આપ્યો કે મહારાજ આખા જગતમાં આગ જ

લાગી છે ને ? ક્યાંય કોઈને પુરૂ થતું જ નથી. તે જેટલું તમારે અર્થે કામ આવે એટલું બચ્યું. બાકી બધું જગતમાં બચ્યું કહેવાય. મહારાજે આંબા ભક્તની સમજણ વખાણી.

એકવાર ગઢપુરમાં સમૈયો હતો. હજારો સંતો-હરિભક્તો એકઠા થયા હતા. ત્યારે આંબા શેઠ બે ત્રણ ગાડાં ખજૂરના ભરી લાવ્યા અને સંતોને આપવા માંડ્યા. ત્યારે મહારાજ કહે શેઠ આટલું બધું શા માટે લાવો છો ? મહારાજ અમે તો વેપારી છીએ. જ્યાં ઝાઝો નફો મળે ત્યાં માલ વેચીએ. ગામમાં માલ થોડો વેચાય. નફો ઓછો મળે વળી ઉધારથી લઈ જાય. ત્યારે અહીં તો રોકડે વેચવાનું અને નફો ખૂબ. માટે ગાડા ભરી લાવ્યો છું. આવું માહાત્મ્ય એ સમજતાં હતાં.

એકવાર સાકરનું ગાડું ભરી લાવ્યા અને ખોબે ખોબે સંત હરિભક્તોને આપવા લાગ્યા. મહારાજ કહે કેમ ભક્ત આજ શું છે ? આટલી બધી સાકર કેમ વહેંચો છો ? આંબા ભક્ત કહે મહારાજ અમારે ત્યાં એવો રિવાજ છે કે કોઈનું નામ પાડે ત્યારે સાકર વહેંચે. મેં આજે તમારૂ એક નામ પાડ્યું છે. તેની ખુશાલીમાં સાકર વેંચું છું. અમારૂં શું નામ પાડ્યુ છે એ તો કહેતા જ નથી. મહારાજે પૂછ્યું.

આંબાભક્ત કહે આ કળિયુગમાં તમે પ્રગટ થઈને અસંખ્ય જીવોનો ઉદ્ધાર કર્યો. લાખો ભક્તોને અપાર સુખ આપીને પાપી પતિતોને પાવન કરીને સૌને અક્ષરધામના અધિકારી બનાવીને બધાને ન્યાલ કરી નાંખ્યા છે. માટે આજથી તમારૂં નામ 'ન્યાલકરણ'. મહારાજ કહે આવુ નામ તો કોઈ શાસ્ત્રમાં નથી ને તમે ક્યાંથી ગોતી કાઢ્યું ? આંબા શેઠે કહ્યું કે મહારાજ, કાનુડો નામ ક્યાં શાસ્ત્રમાં છે ! એ તો ભક્તને ઠીક લાગે ત્યારે ગમે તેવા નામ ભગવાનનાં પાડે છે. એમ કહીને 'ન્યાલકરણ' નામની જય બોલાવીને બધાને હસાવ્યાં.

●

## "કર્મની ગતિ ન્યારી"

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

જગત આખું કર્માધિન છે. જે જેવું કરે છે તે તેવું ભોગવે છે. કોઈ કોઈને સુખ કે દુઃખ આપતું નથી. દરેકને પોતે કરેલું કર્મ જ ભોગવવું પડે છે. વનવાસની પ્રથમ રાત્રીએ રામ અને સીતા ભૂમિ પર સૂઈ ગયા. તે જોઈ ખૂબ દુઃખી થઈ ગયેલા નિષાદરાજ વિચારવા લાગ્યા કે અપાર વૈભવમાં રહેવા ટેવાયેલા રામ-સીતાને આજે રાણી કૈકેયી પ્રત્યે એક સમયે ઉગ્રરોષ વ્યક્ત કરવા લક્ષ્મણ આ સમયે ખૂબ સ્વસ્થ બની જવાબ આપે છે, કે કોઈ કોઈને સુખ કે દુઃખ આપતું નથી. દરેક વ્યક્તિ પોતપોતાના સારા કે ખોટાં કર્મ અનુસાર સુખ કે દુઃખ ભોગવે છે.

સીતાજીના પિતા જનકરાજા મહાન હતા. સસરા દશરથ રાજા તો વળી ઈન્દ્રદેવના મિત્ર હતા. અયોધ્યાના રાજાના મહેલમાં પલંગ ઉપરથી ખોળામાં અને ખોળામાંથી પલંગમાં બેસનારા સીતાજીને આજે ખુલ્લે પગે વનમાં ફરવાનો વારો આવ્યો છે. તેમાં વિધિની વક્રતા નહીં તો બીજું શું ? પૂર્વ જન્મનાં સંચિત કર્મો જ એકત્રિત થઈને ભાગ્યનું સ્વરૂપ ધારણ કરે છે.

જીવનમાં આપણને ઘણીવાર એવું લાગે છે કે કોઈ એક વ્યક્તિએ આપણને ખૂબ દુઃખી કરી નાખ્યા છે. ત્યારે આ પંક્તિઓ યાદ કરવા જેવી છે.

"કોઈ કોઈને સુખી કે દુઃખી કરતું નથી. પણ વિધિ જ આપણને સુખ કે દુઃખ આપવા નિમિત્તે બની ને આવે છે."

સુખ મળે ત્યારે માણસ તેનો યશ પોતાને ફાળે નોંધાવે છે. જ્યારે દુઃખ પ્રાપ્ત થાય ત્યારે તે માણસ બીજા ઉપર દોષનો ટોપલો ઢોળે છે. આ વલણ યોગ્ય નથી. આ જગતમાં સુખ દુઃખનું ચક્ર તો પ્રત્યેકના જીવનમાં ચાલતું જ રહે છે.

"ચક્રવત્ પરિવર્તન્તે સુધાતિ ચ દુઃખા તિચં"

તેથી સંતો સુખ તથા દુઃખમાં ક્ષમતા ધારણ કરવાનું, સ્વસ્થતા ધારણ કરવાનું કહેતા હોય છે. સુખ અને દુઃખ આપણાં જ આ જન્મના કે પૂર્વ જન્મના કર્મોના પરિપાક રૂપે જ મળે છે. તે માટે બીજાને દોષ દેવો તે નિરર્થક છે. કોઈ કોઈના કામમાં અકારણ ડખલ કરે તો તેનું ફળ તેને ભોગવવું જ પડે છે.

રામાવતારમાં શ્રીરામ તાડનાં સાત વૃક્ષ પાછળ સંતાઈને વાલીનો વધ કરે છે. તો તેજ વાલી અજાણતાં શ્રીકૃષ્ણાવતારમાં શ્રી કૃષ્ણને પગ ઉપર બાણ મારી શ્રીકૃષ્ણનો પ્રાણ હરિ લે છે. આ પણ છે તો કર્મનો સિદ્ધાંત. સાદી તથા સરળભાષામાં કહીએ તો કર્મ એટલે ક્રિયા. આપણે જે કાંઈ ક્રિયા કરીએ છીએ તે છે કર્મ, કર્મ ભોગવ્યા વિના કોઈનોય છૂટકો નથી.

મહાભારતના યુદ્ધમાં ધૃતરાષ્ટ્રનાં ૧૦૦ પુત્ર એક સાથે મરી ગયા. ત્યારે રાજાએ શ્રીકૃષ્ણને પૂછ્યું કે "હે અચ્યુત મારા જીવનમાં મેં એવું કોઈ ભયંકર પાપ કર્યું નથી. છતાં મારા ૧૦૦ પુત્ર કેવી રીતે મરી ગયા ?" જવાબમાં શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રને કહે છે કે "હે રાજન્ આજથી ૫૦ જન્મ પહેલાં તમે પારધી હતા. એક વખત પક્ષીઓ પકડવા તમે એક વૃક્ષ ઉપર બેઠેલાં. પક્ષીઓને પકડવા સળગતી જાળ તેમનાં પર ફેંકી હતી. તેનાથી ઘણા પક્ષી બળી ગયા. આ કર્મ પડી રહ્યું. તમારી બીજી પુણ્યાઈને કારણે તમને ૧૦૦ પુત્ર થયા. જ્યારે તે કર્મ પાક્યું જેથી તમે પક્ષી બળવાનાં કારણે આંધળા થયા. ૧૦૦ પુત્રનું સુખ મેળવ્યું. પરંતુ તે પક્ષી બળી ગયાં હોવાથી તમારા કર્મના કારણે યુદ્ધમાં ૧૦૦ પુત્ર મરણ પામ્યા. ખરેખર કર્મની ગતિ ગહન છે.

# સત્સંગ સમાચાર

**શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં ધનુર્માસ ધૂન મહોત્સવ**

વિશ્વના સૌ પ્રથમ મંદિર અમદાવાદમાં બિરાજમાન પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પૂ.શ્રીરાજાના આશીર્વાદ સહ રાજીપાથી તેમજ અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ ખાતે પવિત્ર ધનુર્માસ ૧૬ ડિસેમ્બર-૨૦૨૪ થી પરંપરાગત રીતે વહેલી સવારના સૌ પ્રથમ રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજ સન્મુખ અને ત્યારબાદ મંગળા આરતી બાદ પ્રસાદીના સભા મંડપમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન ૪૫ મિનિટ સુધી વાંજીત્ર, ઢોલના તાલે થતી ત્યારે આજુબાજુના વિસ્તારનું વાતાવરણ પણ ખૂબજ ધર્મમય અને મનમોહક બની જતું હજારોની સંખ્યામાં હરિભક્તોએ આખા માસની ધૂન કરાવી હતી. ધૂનમાં નિત્યે અવનવો પ્રસાદ વહેંચવામાં આવતો. સમગ્ર ધર્મકુળ અવાર-નવાર ધૂનમાં પધારી દર્શનનો લાભ આપતા.

દૈનિક પ્રસાદના ૩૦ દિવસના યજમાનોએ પણ પોતાના તરફથી પ્રસાદ સૌ ભક્તો ને મળે તે માટે ભક્તજનોએ ઉત્સાહ શ્રધ્ધાથી સેવા કરી હતી.

આખો માસ દરમ્યાન પૂ. કોઠારી મુનિ સ્વામી, પૂ. જે.પી. સ્વામી, પૂ. બાલુ સ્વામી, પૂ. ભંડારી સ્વામી, દિવ્યસ્વરૂપ સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત-મંડળ અને ધૂન વિતરણમાં પણ હરિભક્ત યુવકોની સેવા પ્રેરણારૂપ હતી.

શ્રી નરનારાયણદેવની કૃપાથી શ્રી નરનારાયણદેવ દેશમાં રોજે રોજ નાના-મોટા સમૈયા ઉત્સવોની પરંપરા ચાલું જ હોય છે. છેલ્લા ૨ માસથી પ.પૂ. મહારાજશ્રીનું સંત-પાર્ષદ મંડળ સાથે દેશ વિદેશમાં સત્સંગ વિચરણ સતત ચાલું જ છે.

**ધનુર્માસ ધૂન-પ્રસાદના મુખ્ય યજમાનશ્રી :** (૧) અ.નિ. શારદબેન અમૃતલાલ પટેલ (રાજપુર) - હ. ડાહીબેન ઈશ્વરદાસ પટેલ, અલ્કાબેન મહેન્દ્રભાઈ, પ્રિયંકા, નિસર્ગ - કુમારી મીરા (મોખાસણ), (૨) પ.ભ. અમરતભાઈ કાળીદાસ પટેલ (ગુલાબપુરાવાળા - દિલીપભાઈ)

**દૈનિક મહાપ્રસાદના મુખ્ય યજમાનશ્રી : તા. ૧૬-૧૨-૨૪** (૧) અ.નિ. મીનાબેન દશરથભાઈ પટેલ - હ. પૂરવભાઈ દશરથભાઈ પટેલ, ધ્યાન તથા સખી - ચાંદખેડા, (૨) પ.ભ. પૂજા નીલકંઠ ધાનાણી - હ. નાનુભાઈ (જીવરાજપાર્ક). **તા. ૧૭-૧૨-૨૪** (૧) પુરૂષોત્તમભાઈ ત્રિભોવનદાસ પટેલ - ભાઉપુરાવાળા - હ. કે.પી. પટેલ તથા ઘનશ્યામભાઈ તથા પિન્ટુભાઈ - અમદાવાદ - મો. ૯૮૯૮૬ ૧૯૧૨૫. (૨) પ.ભ. વિષ્ણુભાઈ કાળીદાસ પટેલ (ગુલાબપુરાવાળા). (૩) પ.ભ. જય ગણપતભાઈ પટેલ - હ. ગણપતભાઈ ગંગારામ પટેલ, રિમ્પલબેન પટેલ, શાનવી, રક્ષા - શાનવીના જન્મદિન નિમિત્તે. **તા. ૧૮-૧૨-૨૪** (૧) પ.ભ. પ્રભુદાસભાઈ ઉમેદભાઈ પટેલ - હ. કેનોય ભૂપેન્દ્રભાઈ પટેલ (અમદાવાદ), (૨) પ.ભ. ગાંડાભાઈ કાળીદાસ પટેલ (ગુલાબપુરાવાળા-અમદાવાદ). **તા. ૧૯-૧૨-૨૪** (૧) અ.નિ. લાલજીભાઈ રામજીભાઈ પટેલ - હ. રસિકભાઈ, હરિકૃષ્ણ ઓટો કન્સલ્ટન્ટ (અમદાવાદ) , (૨) અ.નિ. બળદેવભાઈ જીવણદાસ પટેલ - મુખી પરિવાર - આનંદપુરાવાળા - હ. ગં.સ્વ. કોકિલાબેન બળદેવભાઈ પટેલ. **તા. ૨૦-૧૨-૨૪** (૧) પ.ભ. મુકેશભાઈ મણીભાઈ પટેલ (મામા) - હ. જીલ (અક્ષર બંગલો) (ગાંધીનગર) ઉનાવાવાળા), (૨) અ.નિ. ગંગારામભાઈ મહાદેવભાઈ પટેલ, અ.નિ. નટવરભાઈ ગંગારામભાઈ પટેલ - હ. ઈશ્વરભાઈ તથા ગણપતભાઈ. **તા. ૨૧-૧૨-૨૪** (૧) પ.ભ. નિલેષભાઈ લલ્લુભાઈ માંગુકિયા (નવા નિકોલ), (૨) પ.ભ. કોકિલાબેન જયંતીલાલ પટેલ (ડાંગરવાવાળા-અમેરિકા) - હ. શૈલેષભાઈ પટેલ (મોખાસણવાળા). **તા. ૨૨-૧૨-૨૪** પ.ભ. દક્ષેશભાઈ રમેશભાઈ પટેલ (ઉનાવાવાળા-ચાંદખેડા), (૨) પ.ભ. આશાબેન મહેન્દ્રભાઈ પટેલ - હ નિલય, સન્ની અને કનુભાઈ પટેલ(કલ્યાણપુરવાળા), (૩) અ.નિ. કાંતાબેન લાલજીભાઈ ઢાંકેચા - હ. જયસુખભાઈ લાલજીભાઈ ઢાંકેચા. **તા. ૨૩-૧૨-૨૪** પ.ભ. સંજયભાઈ સી. પટેલ -મુક્તિધામ સાબરમતી. **તા. ૨૪-૧૨-૨૪** (૧) અ.નિ. પિતાશ્રી લાલજી કેશરા વેકરીયા, અ.નિ. માતૃશ્રી રતનબેન લાલજી વેકરીયા - હ. સુપુત્ર માવજી લાલજી વેકરીયા સહ પરિવાર (માંડવી), (૨) અ.નિ. અમરતભાઈ સેંધાભાઈ પટેલ - હ. રાકેશભાઈ તથા મનોજભાઈ (કુંડાળવાળા). **તા. ૨૫-૧૨-૨૪** પ.ભ. રમીલાબેન પ્રવિણભાઈ પટેલ (સેડલાવાળા) - હ. વાસ્વી અને વેદાંત (અમદાવાદ). **તા. ૨૬-૧૨-૨૪** (૧) પ.ભ. શકરાભાઈ રામદાસ પટેલ - હ. મહેન્દ્રભાઈ શકરાભાઈ પટેલ (મારૂસણાવાળા), (૨) અ.નિ. લાલજી નાનજી કેરાઈ - હ. શ્રીહરિ ટ્રાવેલ્સ (અમદાવાદ). **તા. ૨૭-૧૨-૨૪** (૧) પ.ભ. બળદેવભાઈ જમનાદાસ પટેલ (ડાંગરવાવાળા) - હ. જશ, ધ્રુવ (રાણીપ), (૨) પ.ભ. દિયા પરેશભાઈ (નાગરભાઈ) પટેલ જન્મ દિન નિમિત્તે (મારૂસણાવાળા), (૩) પ.ભ. રાજેશભાઈ નાગજીભાઈ સુહાગીયા - હ. પ્રિજેશ, નવ્યા (બાપુનગર). **તા. ૨૮-૧૨-૨૪** પ.ભ. અનાયા અંકિતકુમાર સુરેશભાઈ પટેલ (પોરવાળા-સાબરમતી). **તા. ૨૯-૧૨-૨૪** અ.નિ. ગાંડાભાઈ જુગલદાસ પટેલ (સોલાવાળા) - હ. ભરતભાઈ પટેલ. **તા. ૩૦-૧૨-૨૪** પ.ભ. રણછોડભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (કુડાસણવાળા) - હ.

સુશીલાબેન રણછોડભાઈ પટેલ (ગાંધીનગર). **તા. ૩૧-૧૨-૨૪** કુ. સેલ્વી નિલેશકુમાર પટેલ (ચાંદખેડા) - હ. નિલેશકુમાર જે. પટેલ - સેલ્વીના જન્મ દિન નિમિત્તે. **તા. ૦૧-૦૧-૨૫** અ.નિ. રમણભાઈ સોમદાસ પટેલ (ડાંગરવાવાળા) - હ. સંજયભાઈ રમણભાઈ પટેલ (અમેરિકા) - હ. દિપીકાબેન. **તા. ૦૨-૦૧-૨૫** પ.ભ. અમરતભાઈ કાળીદાસ પટેલ (ગુલાબપુરાવાળા) - હ. દિલીપભાઈ. **તા. ૦૩-૦૧-૨૫** અ.નિ. બાલજીભાઈ ચંદુભાઈ પટેલ - હ. રાજુભાઈ તથા સંજયભાઈ (કોટેશ્વર). **તા. ૦૪-૦૧-૨૫** અ.નિ. વલ્લભભાઈ ભુરાભાઈ નશીત, અ.નિ. દિવાળીબેન વલ્લભભાઈ નશીત - હ. પ્રવિણભાઈ તથા નરસિંહભાઈ (ભાયાવદર-અમદાવાદ). **તા. ૦૫-૦૧-૨૫** ગં.સ્વ. સૂર્યાબેન ગીરીષભાઈ પટેલ - હ. કેતનભાઈ, નિમેષભાઈ (સાયન્સ સીટી). **તા. ૦૬-૦૧-૨૫** (૧) અ.નિ. લાલજીભાઈ શામજીભાઈ પટેલ (નરનારાયણ સિરામીક - ગોતા) - હ. મંથન રાજુભાઈ પટેલ (નવા વાડજ), (૨) પ.ભ. જ્યોત્સનાબા જયદિપસિંહ ઝાલા - જન્મદિન નિમિત્તે - હ. કૃષ્ણદેવસિંહ ઝાલા (ચાંદખેડા). **તા. ૦૭-૦૧-૨૫** પ.ભ. જીનેશકુમાર સુમનભાઈ પટેલ (પોરવાળા-અમેરિકા). **તા. ૦૮-૦૧-૨૫** (૧) અ.નિ. બાબુભાઈ મણીલાલ શાહ - હ. કમલેશભાઈ શાહ (અમદાવાદ), (૨) પ.ભ. વિમળાબેન ડાહ્યાભાઈ પટેલ (માણસાવાળા) - હ. ડાહ્યાભાઈ નારણભાઈ પટેલ, મેહુલભાઈ અને પૂરવભાઈ. **તા. ૦૯-૦૧-૨૫** અ.નિ. પુરીબેન શંકરલાલ નારાયણદાસ (કોઠાવાળા) - હ. દિપીકાબેન ચંદ્રકાંતભાઈ પટેલ (અમદાવાદ). **તા. ૧૦-૦૧-૨૫** (૧) પ.ભ. રમેશભાઈ રાયચંદભાઈ પટેલ (અંબાસણ-અમેરિકા) (૨) પ.ભ. પર્વ ચિરાયુ પ્રવિણભાઈ દેવાણી - હ. જે.પી. સ્વામી. **તા. ૧૧-૦૧-૨૫** (૧) પ.ભ. શાલીન અરવિંદભાઈ દોંગા (બાપુનગર), (૨) પ.ભ. ગણપતભાઈ ગંગારામભાઈ પટેલ - રક્ષાબેન અને ગણપતભાઈના જન્મદિન નિમિત્તે. **તા. ૧૨-૦૧-૨૫** (૧) અ.નિ. કાંતિલાલ ચુનીલાલ ઠક્કર - હ. ધવલભાઈ ઠક્કર (ભાયલાવાળા), (૨) પ.ભ. પટેલ જગદીશભાઈ કેશવલાલ (જન્મ દિવસ નિમિત્તે) - (માણેકપુર-અમેરિકા). **તા. ૧૩-૦૧-૨૫** (૧) પ.ભ. સુરેશભાઈ રણછોડભાઈ ઠક્કર (જીવરાજપાર્ક-મકરબાવાળા), (૨) પ.ભ. મધુબેન મહેન્દ્રભાઈ પટેલ - હ. સુજલબેન અલ્પેશભાઈ તથા શિખા અને કવિશા. **તા. ૧૪-૦૧-૨૫** અ.નિ. રસિકલાલ અંબાલાલ પટેલ - હ. જયેશભાઈ તથા સંજયભાઈ (મોખાસણ-અમેરિકા)

**સહ યજમાનશ્રી : તા. ૧૬-૧૨-૨૪** (૧) પ.ભ. ઈશ્વરભાઈ ત્રિભોવનદાસ પટેલ (માણસાવાળા - નારણપુરા), (૨) અ.નિ. મોતીભાઈ નાથાભાઈ ચૌધરી (ઈશ્વરપુરા) - હ. પાર્થ ગોવિંદભાઈ મોતીભાઈ ચૌધરી (ઓસ્ટ્રેલીયા). **તા. ૧૭-૧૨-૨૪** (૧) પ.ભ. ચંદ્રિકાબેન ધર્મેન્દ્રભાઈ પટેલ (અમદાવાદ), (૨) અ.નિ. ઝરણાબેન જગદીશભાઈ સોલંકી - હ. હાર્દિક જગદીશભાઈ. **તા. ૧૮-૧૨-૨૪** પ.ભ. અલ્પાબેન વિષ્ણુકુમાર પટેલ - હ. દેવર્શી, વ્રીતી, આદિત્ય, ખુશી. **તા. ૧૯-૧૨-૨૪** પ.ભ. દર્શન લાલભાઈ સોની - હ. ભારતીબેન. **તા. ૨૦-૧૨-૨૪** પ.ભ. હરિદર્શનભાઈ લાલભાઈ સોની. **તા. ૨૧-૧૨-૨૪** ગં.સ્વ. ડાહીબેન ગોપાલભાઈ કિશોરદાસ (આખજ). **તા. ૨૨-૧૨-૨૪** પ.ભ. ગણેશભાઈ બેચરભાઈ પટેલ (વિહારવાળા) - હ. ઘનશ્યામભાઈ તથા સચિનભાઈ, અમિત, દિવ્ય, પ્રિન્સ અને વિઆન. **તા. ૨૩-૧૨-૨૪** પ.ભ. જયશ્રીબેન દેવાંગભાઈ પટેલ. **તા. ૨૬-૧૨-૨૪** પ.ભ. શૈલેષભાઈ ગોવિંદલાલ પટેલ (મોખાસણવાળા). **તા. ૩૦-૧૨-૨૪** પ.ભ. કનુભાઈ રણછોડભાઈ ચોકસી પરિવાર (અમેરિકા). **તા. ૦૮-૦૧-૨૫** પ.ભ.અ.નિ. ગોરધનભાઈ વસરામભાઈ લાઠીયા - હ. મધુભાઈ ગોરધનભાઈ લાઠીયા. **તા. ૧૧-૦૧-૨૫** પ.ભ. ગોમતીબેન ગોપાલદાસ પટેલ (વડુ).

**બાળભોગ યજમાનશ્રી : તા. ૨૭-૧૨-૨૪** પ.ભ. કમલેશભાઈ બચુભાઈ પટેલ પરિવાર - હ. તુષારભાઈ કમલેશભાઈ પટેલ. (કોઠારી શાસ્ત્રી સ્વામી મુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ ૬૪ મો (ભાઈઓના) મંદિર - બહેનોના મંદિરનો પ્રથમ પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ કૃષ્ણનગર ભાઈઓના મંદિરનો ૬૪ મો અને બહેનોના મંદિરનો પ્રથમ પાટોત્સવ તા. ૨૮-૧૧-૨૦૨૪ થી તા. ૨-૧૨-૨૦૨૪ દરમ્યાન ઉજવાયો.

પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીપુર મધ્યે શ્રીહરિ રાત્રીય કથા મહંત શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-જમીયતપુરા)ના વક્તાપદે થઈ હતી.

પાટોત્સનવા મુખ્ય યજમાન અ.નિ. ધરમશીભાઈ ખુશાલભાઈ પટેલ, અ.નિ. મધુબેન ધરમશીભાઈ પટેલ પરિવાર, કથાના મુખ્ય યજમાન અ.નિ. લાલજીભાઈ શામજીભાઈ પટેલ પરિવાર - હ. ગં.સ્વ. કમળાબેન લાલજીભાઈ પટેલ પરિવાર આદિ અનેક હરિભક્તોએ વિવિધ સેવાના યજમાન બની લાભ લીધો હતો. તા. ૩-૧૨-૨૦૨૪ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની આરતી થઈ હતી. ત્યારબાદ સર્વે સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી સંતો મોટી સંખ્યામાં પધાર્યા હતા.

(કોઠારીશ્રી - નવા વાડજ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) રજત જયંતી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી એમ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી તથા પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી તેમજ ગાંધીનગર સે-૨ના મહંત સ્વામી, કોઠારી શા. સ્વામી ભક્તિજીવનદાજી અને સમસ્ત સત્સંગ સમાજ ગાંધીનગરના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨ નો રજત જયંતી મહોત્સવ તા. ૨-૧૨-૨૦૪ માગસર સુદ-૧

થી તા. ૮-૧૨-૨૦૨૪ માગસર સુદ-૭ પર્યન્ત ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું હજારો શ્રોતાઓએ કથામૃત પાન કર્યું હતું.

રજત જયંતી મહોત્સવ અને પારાયણના મુખ્ય યજમાન પ.ભ. રણછોડભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, સુશીલાબેન રણછોડભાઈ પટેલ પરિવાર, અ.નિ. નટવરલાલ વિઠ્ઠલભાઈ દેસાઈભાઈ પટેલ, ગં.સ્વ. કોકીલાબેન નટવરભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. ૨૫ માં પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. ગોરધનભાઈ રણછોડભાઈ પટેલ, અ.સૌ. શાંતાબેન ગોરધનભાઈ પટેલ પરિવારે લાભ લીધો હતો. સમગ્ર પ્રસંગ દરમ્યાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, તા. ૮-૧૨-૨૦૨૪, પ.પૂ. લાલજી મહારાજશ્રી તા. ૭-૧૨-૨૦૨૪ના રોજ પધારીને સૌ પ્રથમ ઠાકોરજીની આરતી ઉતારી સભામાં વિરાજમાન થઈ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા. ધામોધામથી સંતો-મહંતશ્રીઓ, રાજકિય, ધાર્મિક આગેવાનો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ. કો. શા. સ્વામી નારાયણમુનિદાસજી (કાલુપુર) અને સ.ગુ. મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી (એપ્રોચ)એ શોભાવ્યું હતું. (મહંતશ્રી દેવ સ્વામી - ઉનાવા)

**શ્રીહરિના ચરણકમળથી અંકિત વડુ (તા. કડી) શ્રી સ્વામિનારાયણ મંદિરનો રજત જયંતી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી, પૂ.શ્રીરાજા એમ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી તથા સ.ગુ. શા. સ્વામી નારાયણવલ્લભદાસજી (મહંતશ્રી વડનગર) તથા સ.ગુ. શા. સ્વા. વિશ્વપ્રકાશદાસજીના માર્ગદર્શન-સાથ સહકારથી તેમજ વડુ ગામ ટ્રસ્ટી મંડળ - રજત જયંતી મહોત્સવ સમિતિ એવમ્ શ્રી નરનારાયણદેવ સત્સંગ સમાજના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ (ભાઈઓનું) રજત જયંતી મહોત્સવ અને બહેનોના મંદિરનો ૫ મો વાર્ષિક પાટોત્સવ, શ્રી વાસુપૂજ્ય શ્રી હનુમાનજી મહારાજનો ૧૯ મો વાર્ષિક પાટોત્સવ કથા-પારાયણ તા. ૪-૧૨-૨૦૨૪ થી તા. ૮-૧૨-૨૦૨૪ દરમ્યાન ઉજવાયા.

પાટોત્સવ પ્રસંગે આયોજીત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ કથા પારાયણના વક્તાશ્રી સ.ગુ. શા. સ્વા. અભિષેકપ્રસાદદાસજી (વડનગર), સ.ગુ. મહંત શા. સ્વા. સત્યસંકલ્પદાસજી (નારાયણઘાટ) એ સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. મહોત્સવના મુખ્ય યજમાન ગં.સ્વ. સીતાબેન ભક્તિભાઈ ખોડીદાસ પરિવાર, કથા પારાયણના યજમાન અ.સૌ. તારાબેન બળદેવભાઈ મફતલાલ પટેલ પરિવાર, શ્રીહરિયાગના મુખ્ય યજમાન અ.નિ. પરસોતમદાસ ભોળીદાસ પટેલ, ગં.સ્વ. મંગુબેન પરસોતમદાસ પટેલ પરિવાર રહ્યા હતા. તા. ૭-૧૨-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને નિજ મંદિરમાં ઠાકોરજીની રજત જયંતી મહોત્સવની આરતી ઉતારી સમગ્ર ગામને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૮-૧૨-૨૦૨૪ ના પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને નિજ મંદિરમાં ઠાકોરજીનો અભિષેક કરી આરતી ઉતારી અને ખૂબ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ્રસંગ દરમ્યાન બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ. શા. સ્વા. વિશ્વપ્રકાશદાસજી (વડનગર), શા.સ્વા. ધર્મકિશોરદાસજી ગુ. શા. સ્વા. આનંદજીવનદાસજીએ શોભાવ્યું હતું. ધામોધામથી સંતો, મહંતો મોટી સંખ્યામાં પધાર્યા હતા. (સ.ગુ.મહંત શા. સ્વા. નારાયણવલ્લભદાસજી - વડનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઓળા ૨૬ મો પાટોત્સવ - શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર), સ.ગુ. શાસ્ત્રી સ્વામી ગુરુપ્રસાદદાસજી (કલોલ)ની પ્રેરણાથી તેમજ પૂ. સ.ગુ. સ્વામીશ્રી હરિચરણદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રીહરિ પ્રસાદી ભુત ઓળા ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૬ મો પાટોત્સવ એવમ્ શાકોત્સવ તા. ૧૩-૧૨-૨૦૨૪ થી તા. ૧૭-૧૨-૨૦૨૪ દરમ્યાન ઉજવાયો.

પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૩ ડિસે. થી ૧૭ ડિસે. ૨૦૨૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાહન્ પારાયણ સ.ગુ. મહંત શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-જમીયતપુરા)ના વક્તાપદે થઈ હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી તા. ૧૭-૧૨-૨૦૨૪ ના રોજ પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની અન્નકૂટ આરતી અને શાકોત્સવ ભવ્યતાથી સંપન્ન થયા હતા. પાટોત્સવના યજમાન પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ - હ. પ.ભ. બિન્દેશભાઈ જગદીશભાઈ અને કથાના યજમાન અ.નિ. દિલીપભાઈ ગોકળદાસ પટેલ, અ.નિ. ભરતભાઈ ગોકળદાસ પટેલ - હ. ધવલભાઈ આદિ પરિવારને સભામાં રૂડા આશીર્વાદ આપી સન્માનિત કર્યા હતા. સભાનું સુંદર સંચાલન શા. સ્વા. ઉત્તમચરણદાસજી (કલોલ)એ શોભાવ્યું હતું.

(કોઠારીશ્રી ઓળા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (પંચવટી) સપ્તમ વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી ગુરુપ્રસાદદાસજીની પ્રેરણાથી તેમજ મહંત શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-જમીયતપુરા) સમસ્ત સત્સંગ સમાજ પંચવટી કલોલના આયોજન દ્વારા શ્રી સ્વામિનારાયણ મુખ્ય

મંદિર કલોલ (પંચવટી)નો સપ્તમ પાટોત્સવ તા. ૯-૧૨-૨૦૨૪ના રોજ ધામધૂમથી ઉજવાયો.

સ.ગુ. શા. સ્વા. ગોપાલચરણદાસજી એ સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. બબાભાઈ ચતુરભાઈ પટેલ (ઉનાવા), પ.ભ. શાંતાબેન બબાભાઈ પટેલ - હ. પ.ભ. ભાવેશકુમાર બબાભાઈ પટેલ પરિવારે સુંદર લાભ લીધો હતો. તા. ૯-૧૨-૨૦૨૪ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક કરી આરતી ઉતારી સૌને સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(શા.સ્વા. આનંદપ્રસાદદાસજી - કલોલ સત્સંગ સમાજ)

**ગોમતીપુર મંદિરમાં ધનુર્માસ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશધાસજીની પ્રેણાથી આપણા ગોમતીપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસમાં સર્વે હરિભક્તો સમુહમાં શ્રી સ્વામિનારાયણ ધૂન સવારે ૫ થી ૬ સુધી રોજે કરીને ભગવાન શ્રીહરિને રાજી કર્યા હતા. (મુકેશભાઈ સર્વે હરિભક્તો)

**નૂતન નિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મંદિર દહેગામ રાત્રીય શ્રી ભાગવત પંચાન્હ પારાયણ - શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સમસ્ત સત્સંગ સમાજ દહેગામના સુંદર આયોજનથી અત્રે દહેગામ ખાતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સંકલ્પ-પ્રેરણાથી નૂતન મંદિર માટે અમદાવાદ મંદિરથી જમીન સંપાદન થતા નૂતન મંદિરની ભૂમિ ઉપર તા. ૧૮ થી ૨૨ ડિસેમ્બર-૨૦૨૪ દરમ્યાન રાત્રીય શ્રીમદ્ ભાગવત પારાયણ સ.ગુ. શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-જમીયતપુરા)ના વક્તાપદે થઈ હતી.

તા. ૨૨-૧૨-૨૦૨૪ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિની આરતી અને શાકોત્સવનો વઘાર કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(કોઠારીશ્રી - દહેગામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈસંડ બીજો પાટોત્સવ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઈસંડના બીજો પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૧૫-૧૨-૨૦૨૪ થી તા. ૨૧-૧૨-૨૦૨૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ. શા. સ્વા. સત્યસંકલ્પદાસજી (નારણઘાટ મહંતશ્રી)ના વક્તાપદે થઈ હતી. જેના યજમાન અ.નિ. પટેલ કાંતિભાઈ પ્રહલાદભાઈ, ગં.સ્વ. પુરીબેન કાંતિભાઈ પટેલ પરિવારે લાભ લીધો હતો. આ પ્રસંગે પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીએ પધારીને યજમાન પરિવારને આશીર્વાદ આપી તેમની સેવા-નિષ્ઠાને બિરદાવી હતી. કથાનું સભા સંચાલન શા. સ્વા. સત્યસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું.

(કોઠારીશ્રી - ઈસંડ)

**મેડજીના મુવાડા શ્રી સ્વામિનારાયણ મંદિર રજત જયંતી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મેડજીના મુવાડા ગામે ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં રાત્રીય કથા શા.સ્વા. જનમંગલદાસજી એ સંભળાવી હતી.

રજત જયંતી મહોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. નિજ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગના મુખ્ય યજમાન પ.ભ. રમણભાઈ ફુલાભાઈ પટેલ પરિવારે લાભ લીધો હતો. (મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ પૂ. સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ ખાતે હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં તા. ૨૧-૧૨-૨૦૨૪ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગનું સુંદર આયોજન બાવળા મંદિરના મહંત શા. સ્વામી ભક્તિનંદનદાસજીએ કર્યું હતું. પ્રાસંગિક સભામાં પૂ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, પૂ. બ્ર. શા. હરિસ્વરૂપાનંદજી (ટ્રસ્ટીશ્રી) હિંમતનગરના પૂ. મહંત સ્વામી આદિ સંત મંડળે કથા વાર્તાનો લાભ આપ્યો હતો. ટ્રેન્ટ, સીતાપુર દેશ અને વિરમગામ કાલીયાણા દેશના તમામ હરિભક્તોએ શાકોત્સવના લાભ લીધો હતો. (જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શેર ગામનો ૧૦૫ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી, પૂ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર શેર ગામનો ૧૦૫ મો પાટોત્સવ તા. ૨૨-૧૨-૨૦૨૪ ના રોજ ધામધૂમપૂર્વક ઉજવાયો. જેતલપુરથી પૂ. મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી, જનમંગલ સ્વામી, હેમંત ભગત આદિ સંત મંડળે પધારી શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરી સભામાં

કથામાં ભગવાન શ્રીહરિ અને ધર્મકુળનું માહાત્મ્ય સંભળાવ્યું હતું. પાટોત્સવના યજમાન પ.ભ. યોગેશભાઈનું પૂ. સ્વામીએ હારતોરા કરી સન્માનિત કરી આશીર્વાદ આપ્યા હતા. યજમાન પરિવારે સમગ્ર ગ્રામને ભોજનરૂપી પ્રસાદ જમાડ્યો હતો.

(શા. જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

**જેતલપુરધામ દ્વારા સત્સંગલક્ષી પ્રવૃત્તિઓ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર દ્વારા જેતલપુર મંદિર નીચે આવતા ગામડાઓમાં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧-૧૨ ગામડી ગામ, તા. ૫-૧૨ મહિજડા ગામ, તા. ૧૬-૧૨ અસલાલી, તા. ૧૯-૧૨ વસઈ ગામ, તા. ૨૩-૧૨ મહિજ આદિ ગામોમાં શા. જનમંગલદાસજી અને અક્ષરપ્રિય સ્વામી આદિ સંતોએ કથા વાર્તાનો લાભ આપી હરિભક્તોને રાજી કર્યા હતા. દર માસના છેલ્લા શનિવારે ન્યુનારોલમાં સત્સંગ સભા થાય છે.

(મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિરમગામ (પરકોટા) ૧૧૧ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા મહંત સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર વિરમગામ (પરકોટા)નો ૧૧૧ મો પાટોત્સવ માગસર સુદ-૫ તા. ૬-૧૨-૨૦૨૪ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી મહંત સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, બ્ર.શા. સ્વા. હરિસ્વરૂપાનંદજી (ટ્રસ્ટીશ્રી), સ.ગુ. મહંત શા. સ્વા. ભક્તિનંદનદાસજી (બાવળા) આદિ સતં મંડળે પધારી ઠાકોરજીની આરતી ઉતારી કથાવાર્તા કરી હરિભક્તોને રાજી કર્યા હતા.

(શા. જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

**પવિત્ર ધનુર્માસમાં શ્રી નરનારાયણદેવ તાબાનું નિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મંદિર ભાભર પંચાન્હ પારાયણ - શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ.પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની દિવ્ય પ્રેરણાથી તેમજ અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી અને પૂજ્ય કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી (કાલુપુર)ની પ્રેરણા માર્ગદર્શનથી બનાસકાંઠાના ભાભર ગામે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ એવમ્ સમસ્ત હરિભક્તો તરફથી પવિત્ર ધનુર્માસમાં શ્રી નરનારાયણદેવ તાબાના નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના લાભાર્થે રાત્રીય શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ. મહંત સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-જમીયતપુરા)ના વક્તાપદે હજારો શ્રોતાઓએ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. કથા અંતર્ગત પોથીયાત્રા, નૂતન મંદિર ખાત મુહૂર્ત, શાકોત્સવ, સંત પૂજન, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ આદિ કાર્યક્રમો ધામધૂમથી સંપન્ન થયા હતા. કથા પારાયણના યજમાન માધુ નટવરભાઈ રૂપસીભાઈ પરિવારે લાભ લીધો હતો. નાના-મોટા સૌ ભક્તોએ સેવા કરીને ભગવાન શ્રીહરિને રાજી કર્યા હતા. પૂ. મહંત સ્વામીના વરદ્ હસ્તે નૂતન મંદિરનું ખાત મુહૂર્ત ધામધૂમથી સંપન્ન થયુ હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - ભાભર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા ભાઈઓના મંદિરનો ૭મો અને બહેનોના મંદિરનો બીજો પાટોત્સવ - પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ.પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીની દિવ્ય પ્રેરણાથી તેમજ અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી તથા પૂ. સ્વામીશ્રી જયપ્રકાશદાસજી (જે.પી. સ્વામી) અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સુંદર આયોજનથી શ્રીહરિની પ્રસાદીભુત અલૌકિક સ.ગુ. ગુરૂચરણરતાનંદ સ્વામીની જન્મ ભૂમિ ગામ ધમાસણા શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું) ૭ મો પાટોત્સવ-બહેનોના મંદિરનો બીજા પાટોત્સવ અંતર્ગત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત શ્રીમદ્ પુરૂષોત્તમપ્રકાશ પંચાન્હ રાત્રીય પારાયણ પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી (નારણઘાટ) ગુરુ સ.ગુ. મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના વક્તાપદે તા. ૨૮-૧૧-૨૪ થી તા. ૨-૧૨-૨૪ પર્યન્ત થઈ હતી. સમગ્ર પાટોત્સવ-પારાયણના યજમાન ધર્મકુળના કૃપાપાત્ર સેવક સાં. કમળાબા ભગતના યજમાન પદે થઈ હતી. તા. ૨-૧૨-૨૦૨૪ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને નિજ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં બિરાજમાન થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન સત્યસ્વરૂપદાસજીએ સુંદર રીતે કર્યું હતું. (કોઠારીશ્રી - ધમાસણા)

**ગાંધીનગર સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં ઉજવાયો હરિ સ્મરણ પર્વ**

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી તથા પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિપ્રિયદાસજીના માર્ગદર્શન મુજબ પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીની સત્સંગ સેવાની પુણ્ય સ્મૃતિમાં સેક્ટર – ૨૩, સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૨૫-૧૨-૨૦૨૪ થી તા. ૨૯-૧૨-૨૦૨૪ દરમિયાન હરિ સ્મરણ પર્વ ઉજવાયો.

આ પ્રસંગે તા. ૨૨-૧૨-૨૦૨૪ થી ''સ્મરણમ'' પ્રદર્શનનું ઉદ્ઘાટન થયું. જેમાં ભક્તો દ્વારા જ તૈયાર કરાયેલી ૫૦૦ જેટલી કલાકૃતિ, શ્રી નરનારાયણ દેવ દર્શન, નવ મહા

મંદિરોની પ્રતિકૃતિ તથા ભગવાન કેદારનાથજીના દર્શન વગેરેનો લાભ લઈ હરિભક્તો, ધર્મ પ્રેમી જનતા તથા આજુબાજુની શાળાના બાળકો મળી લગભગ ત્રિસેક હજાર લોકો ખૂબજ પ્રભાવિત થયા હતા.

આ સાથે પાંચ દિવસની સત્સંગિ ભૂષણ શાસ્ત્રની કથા, મહિલા મંચ, શ્રી હરિ પૂજન – મારુતિ યજ્ઞ તેમજ દરરોજ રાત્રે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે સાથે આરોગ્ય સેવા યજ્ઞ અંતર્ગત બ્લડ ડોનેશન સેવા યજ્ઞમાં ૧૧૫ બોટલ રક્ત દાન કરાયું હતું તથા ૪૦૦ દર્દીઓને ઈ.સી.જી. રિપોર્ટ ચેક કરી જરૂરી દવાઓ વિના મૂલ્યે આપવામાં આવી હતી. કથાના વક્તા પૂ. હરિપ્રિયદાસજીએ ખૂબજ મધુર વાણીમાં કથામૃતનું પાન કરાવ્યું હતું.

આ પ્રસંગે પ.પૂ. ૧૦૮ લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ તેમજ બહેનોને લક્ષ્મીસ્વરૂપા અખંડ સૌભાગ્યવંતા પ.પૂ. ગાદીવાળાશ્રીએ પધારી દર્શન – આશીર્વાદનો લાભ આપ્યો હતો.

દેશ-વિદેશથી હજારો હરિભક્તોએ આ ઉત્સવ પ્રસંગનો લહાવો લીધો હતો. ધામો ધામથી મોટી સંખ્યામાં સંતો પધાર્યા હતા. મહોત્સવનું સભા સંચાલન બાવળા મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજીએ કર્યું હતું. આમ ભગવાન અને સંતના સ્મરણ સાથેનો આ હરિ સ્મરણ પર્વ સદૈવ સ્મરણમાં રહી જાય તેવો ઉજવાયો હતો. (નારાયણ જાની)

### બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર ધનુર્માસ ધૂન-શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધ્યાનપ્રિયદાસજીની પ્રેરણાથી ધનુર્માસમાં પ્રાતઃ ધૂન, કથાવાર્તા, ભજન કીર્તન અને તા. ૨૯-૧૨-૨૦૨૪ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો.

(કોઠારીશ્રી - બોપલ મંદિર)

### ગોમતીપુર મંદિરમાં ધનુર્માસ ધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અમદાવાદના ગોમતીપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસમાં સૌ હરિભક્તો સાથે મળી પ્રાતઃ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન-કથા વાર્તા આદિ સુંદર પ્રવૃતિ કરી હતી. (કોઠારીશ્રી - ગોમતીપુર મંદિર)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### રામગઢ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ

મૂળીધામમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી, શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના આર્શીવાદથી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપાથી તેમજ મૂળીધામના અ.નિ. પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનદાસજીની દિવ્ય પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર રામગઢ (ભાઈઓ-બહેનોનું) રજત મહોત્સવના ઉપલક્ષમાં તા. ૪-૧૨-૨૦૨૪ થી તા. ૮-૧૨-૨૦૨૪ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી (ચરાડવા), પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી સુવ્રતસ્વરૂપદાસજી (મૂળી)ના વક્તાપદે થઈ હતી. મહોત્સવના મુખ્ય યજમાન પૂ. સાં. છાયાબા, શિષ્ય ધ્રુવીબેન (હ. અ.સૌ. લલીતાબેન રતિલાલભાઈ પટેલ) કથા પારાયણના યજમાન અ.સૌ. મરઘાબેન વિઠ્ઠલભાઈ વરમોરા પરિવારે લાભ લીધો હતો.

તા. ૪-૧૨-૨૦૨૪ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની આરતી ઉતારી સભામાં બિરાજમાન થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. આ પ્રસંગે મૂળીધામ, અમદાવાદ, ચરાડવા, સુરેન્દ્રનગર આદિ ધામોથી સંતો પધાર્યા હતા. સભા સંચાલન શા. સ્વા. વિશ્વવલ્લભદાસજી (અમ.) અને શા. સ્વા. બ્રહ્મભૂષણદાસજીએ સંભાળ્યું હતું. સમગ્ર ગામે કથા વાર્તા-ધર્મકુળ દર્શન અને પૂ. સંતોની પ્રેરક વાણીનો લાભ લઈ ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી - રામગઢ મંદિર)

### શ્રીહરિના ચરણોથી પાવન ભૂમિ શિયાણી મંદિર ૨૨ મો વાર્ષિક પાટોત્સવ

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. અખંડભજનાનંદી પૂ.સ.ગુ. સ્વામીશ્રી પ્રેમજીવનદાસજી (મૂળીધામ)ના સંત મંડળ - સમસ્ત સત્સંગ સમાજ શિયાણીના સુંદર આયોજન દ્વારા તા. ૧૬-૧૨-૨૦૨૪ થી તા. ૨૦-૧૨-૨૦૨૪ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મંદિર શિયાણીના ૨૨ માં વાર્ષિક પાટોત્સવ અંતર્ગત શ્રીહરિ મંગલ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં શ્રી ભક્તચિંતામણી એવમ્ શ્રીમદ્ ભાગવત કથા પૂ. સ.ગુ. સ્વામી સત્સંગ સાગરદાસજી (મૂળીધામ), પૂ. સ.ગુ. શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી (ચરાડવા મહંતશ્રી)ના વક્તાપદે થઈ હતી. મહોત્સવના મુખ્ય યજમાન અ.નિ. અંબારામભાઈ છગનભાઈ મોટકા, અ.નિ. ગોદાવરીબેન અંબારામભાઈ મોટકા પરિવાર, પાટોત્સવના યજમાન અ.નિ. રંભાબેન રામજીભાઈ પટેલ, અ.નિ. હિરાબેન ઘનશ્યામભાઈ પટેલ પરિવારે લાભ લીધો હતો.

સમગ્ર પ્રસંગના આયોજક માર્ગદર્શક પૂ. સ.ગુ. સ્વા. શ્રી કૃષ્ણવલ્લભદાસજી રહ્યાં હતા. સભા સંચાલન શા. સ્વા. વિશ્વવલ્લભદાસજીએ કર્યું હતું. તા. ૨૦-૧૨-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી આદિ સંત પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા. નિજ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને ગામના શ્રીરામ મંદિરમાં આરતી ઉતારી હતી ત્યારબાદ સમગ્ર ગામને સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (કોઠારીશ્રી શિયાણી)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**આસો સુદ-૧** પ.ભ. ઈલાબેન રામજીભાઈ સોલંકી (ગઢપુર). **આસો સુદ-૨** પ.ભ. બિન્દુબેન - સોનલબેન (અમદાવાદ), પ.ભ. દેવ હેમંતભાઈ પટેલ (મોટેરા), પ.ભ. પ્રેરક મેહુલકુમાર પટેલ (ચાંદખેડા). **આસો સુદ-૩** પ.ભ. પ્રદ્યુમન હાલાઈ (ભુજ-કચ્છ). **આસો સુદ-૪** પ.ભ. જયેશ બાબુભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. દિપેશ અશોકભાઈ પટેલ (ધમાસણા), પ.ભ. ધ્રુવિલ ઘનશ્યામભાઈ પટેલ (ધમાસણા), પ.ભ. અવધ નિરવ દિનેશભાઈ પટેલ (અમદાવાદ). **આસો સુદ-૪** પ.ભ. માવજી લાલજી વેકરીયા (કચ્છ-ભુજ), પ.ભ. રતિભાઈ ઈશ્વરભાઈ પટેલ (અમદાવાદ). **આસો સુદ-૫** પ.ભ. માવજી લાલજી વેકરીયા (કચ્છ-ભુજ), પ.ભ. મધુબેન રાવજીભાઈ પટેલ (ઝુંડાલ). **આસો સુદ-૬** પ.ભ. માવજી લાલજી વેકરીયા (કચ્છ), સાંખ્યયોગી કાંતાબેન રૂડા હાલાઈ (સુરજપર-કચ્છ), સાંખ્યયોગી કાંતાબેન પરબત (નારાયણપર-કચ્છ). **આસો સુદ-૭** પ.ભ. માવજી લાલજી વેકરીયા (કચ્છ), ક્લીન ગ્રીન ક્યુબ એન્ડ લોજીસ્ટીક પ્રા.લી. (અમદાવાદ), પ.ભ. હરજી પ્રેમજી કેરાઈ (માંડવી-કચ્છ), પ.ભ.અ.નિ. વિરજી વિસરામ રાબડીયા (માંડવી-કચ્છ), પ.ભ. અમરબાઈ પ્રેમજી હાલાઈ (માંડવી-કચ્છ), પ.ભ. કલ્યાણ લક્ષ્મણ હાલાઈ (માંડવી-કચ્છ). **આસો સુદ-૮** પ.ભ. આકાશભાઈ વિષ્ણુભાઈ ચૌધરી (ઈશ્વરપુરા), પ.ભ.અ.નિ. ઘનશ્યામભાઈ કાંતિલાલ શાહ (અમદાવાદ), પ.ભ. પ્રવિણભાઈ પટેલ (સડલાવાળા-અમદાવાદ). **આસો સુદ-૯** પ.ભ.અ.નિ. મહંત કાનબાઈ કેસરા જેસાણી (બળદીયા-કચ્છ), પ.ભ. હરિકૃષ્ણસિંહ તેજેન્દ્રસિંહ રાણા (નવા નરોડા). **આસો સુદ-૧૦** પ.ભ. ભીમજી મનજી રાબડીયા પરિવાર (ભુજ-કચ્છ), પ.ભ. નગીનદાસ કાંતિભાઈ રાણા (અમદાવાદ). **આસો સુદ-૧૧** સાંખ્યયોગી રાધાબાઈ રૂડા (સુરજપર-કચ્છ). **આસો સુદ-૧૨/૧૩** પ.ભ. તારાબેન જગદીશભાઈ પટેલ (મોખાસણ), પ.ભ. કાનજી લાલજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. દિનેશભાઈ હરગોવિંદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હરિભાઈ મહાદેવભાઈ સિંધવ (વણી), પ.ભ. કાંતિભાઈ મુરજી મેપાણી (સુખપર-કચ્છ), પ.ભ. શાલિન અરવિંદભાઈ રવજીભાઈ દોંગા (બાપુનગર), પ.ભ. ભરતભાઈ દલસંગભાઈ ચૌધરી, પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **આસો સુદ-૧૪** પ.ભ.અ.નિ. પ્રેમબાઈ મનજી વાગજીયાણી (સુખપર-કચ્છ). **આસો સુદ-૧૫** પ.ભ.અ.નિ. વલ્લભભાઈ પોપટલાલ ખીચડીયા (અમદાવાદ), પ.ભ. વદનભાઈ અરજણભાઈ રાઠોડ (સુરત).

**આસો વદ-૧** પ.ભ. વાલબાઈ હરજી વેકરીયા (સુરજપર-કચ્છ), પ.ભ. મંજુલાબેન જયંતીભાઈ પટેલ (કડી), ચાંદની ગોપી મંડળ (અમદાવાદ), અ.નિ.પૂ. સ.ગુ. પુરાણી સ્વામી હરિકૃષ્ણદાસજીની ત્રયોદશા નિમિત્તે (ગઢપુર). **આસો વદ-૨** પ.ભ. વાલજી લાલજી વેકરીયા (પિયાવા માંડવી-કચ્છ), પ.ભ. અરવિંદભાઈ ત્રિકમદાસ પટેલ (કરજીસણ), પ.ભ. જીજ્ઞેશભાઈ ઠક્કર (અમદાવાદ). **આસો વદ-૩/૪** પ.ભ.અ.નિ. લાલભાઈ શંકરભાઈ પટેલ (ધમાસણા), પ.ભ. અશ્વિનભાઈ પ્રભુદાસ પટેલ (અમદાવાદ). **આસો વદ-૫** પ.ભ. સંદિપભાઈ શેઠ પરિવાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. વાઘજીભાઈ માધવભાઈ પટેલ (વડદલા). **આસો વદ-૬** પ.ભ. વિનોદભાઈ કાળા યાત્રા સંઘ (રામપર-વેકરા-કચ્છ), પ.ભ.અ.નિ. ધનબાઈ ભીમજી કારા (દહીંસરા-કચ્છ), પ.ભ. નિમેષભાઈ કાળુભાઈ પટેલ (હઠીપુરા-પોરડા), પ.ભ. રાધાબાઈ કેસરા હિરજી હાલાઈ (દહીંસરા-કચ્છ). **આસો વદ-૭** પ.ભ. રાધાબેન દિનેશભાઈ પટેલ (બાપુનગર), પ.ભ.અ.નિ. ચંપાબેન મણીલાલ પટેલ (અમદાવાદ). **આસો વદ-૮** પ.ભ. ઘનશ્યામભાઈ ઠક્કર (ગાંધીધામ-કચ્છ), પ.ભ.અ.નિ. દિવાબેન ભીખાભાઈ પટેલ (સાપાવાડા), પ.ભ. લાલજીભાઈ હરદાસભાઈ દુધાત (નિકોલ). **આસો વદ-૧૦/૧૧** પ.ભ. બાવચંદભાઈ રવજીભાઈ તથા હંસાબેન દોંગા પરિવાર (અમદાવાદ), પ.ભ. હરિશભાઈ વરસાણી (માધાપર-કચ્છ), પ.ભ. મધુસુદનભાઈ મૂળજીભાઈ પટેલ (ખંડેરાવપુરા), પ.ભ. દેવેનભાઈ મનજીભાઈ પટેલ (અમદાવાદ). **આસો વદ-૧૨** પ.ભ. મનજીભાઈ કલ્યાણ હિરાણી (સુખપર-કચ્છ), પ.ભ.અ.નિ. ધનજી રામજી રાબડીયા, પ.ભ.અ.નિ. પાયલબેન ભાવેશકુમાર પટેલ (પલીયડ), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. વિપુલભાઈ જોગાણી (સુરત), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **આસો વદ-૧૩** પ.ભ. આનંદીબેન હર્ષદરાય જોબનપુત્રા (ગાંધીનગર), પ.ભ.અ.નિ. ખીમજીભાઈ નારણભાઈ રાબડીયા (રામપર-કચ્છ), પ.ભ. ધિરજ ધનજી રાબડીયા (કચ્છ), પ.ભ. પ્રીતિ નિકેશ મહેતા (અમદાવાદ), પ.ભ. અ.નિ. પોપટભાઈ વાઘજીભાઈ સાવલીયા (નિકોલ). **આસો વદ-૧૪** પ.ભ. હિરજી ધનજી કેરાઈ (નારાયણપર-કચ્છ). **આસો વદ-૩૦** પ.ભ. રૂક્ષ્મણીબેન જસવંતભાઈ દલવાડી (અમદાવાદ), પ.ભ. હિતેષભાઈ શાંતિભાઈ પ્રજાપતિ.

### સર્વે હરિભક્તોને સૂચન

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મહા મંદિર અમદાવાદ કાલુપુર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી હરિભક્તોની મનોકામના સંકલ્પોની મૂર્તિ માટે કોઈ હરિભક્ત, ગમે તે દિવસે ઠાકોરજીને ધજા ચડાવી શકે છે. તેમજ આપને આપના પરિવારનો મહાપૂજા-ગૌદાન, ગૌ પૂજન, રસોડું પુરવું, સજ્જા દાન આદિ સંકલ્પ ભગવાનના વાઘા વસ્ત્રો બનાવવા વગેરે આપણા સંપ્રદાયના બંધારણ પરંપરા પ્રમાણે વિધિઓ કરાવવામાં આવશે.

### માગસર સુદ-૧૫ (પૂનમ) સત્સંગ સભા તથા સંત-હરિભક્તોને રસોઈ તથા ધજાના યજમાનશ્રી

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે, સમગ્ર ધર્મકૂળના રાજીપાર્થે અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી માગસર સુદ પૂનમ સત્સંગ સભા, ઠાકોરજીને થાળ, સંત-હરિભક્તોને રસોઈના યજમાન અ.નિ. કનુભાઈ મંગળદાસ પટેલ પરિવાર, ગં.સ્વ. ભગવતીબેન કનુભાઈ પટેલ, - હ. નિકુંજભાઈ કનુભાઈ પટેલ, કામિનભાઈ કનુભાઈ પટેલ, શ્લોક, ઝીશાન - ગામ સોજા (માણસા) સાયન્સ સીટી, અમદાવાદ.

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji






ગાંધીનગર સેક્ટર-૨ મંદિરના રજત જયંતી પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી




ગાંધીનગર સેક્ટર-૨૩ મંદિરમાં હરિ સ્મરણ પર્વ મહોત્સવમાં આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા સંતો હરિભક્તો તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



ઈસંડ મંદિરના પાટોત્સવ પ્રસંગે શાકોત્સવ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



શીયાણી (મૂળી પ્રદેશ) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




કલોલ પંચવટી મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026





નૈરોબી ઈ.એસ.એસ. આફ્રિકા મંદિરના રજત જયંતી પ્રસંગે શાકોત્સવમાં વઘાર કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી



લંગાટા (નૈરોબી)મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી

નૈરોબી આફ્રિકા મંદિરના રજત જયંતી પ્રસંગે શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી





Praful Kharsani

મોમ્બાસા (આફ્રિકા) મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી